।। श्रीकृष्णाय नमः ।।
।। श्रीवल्लभाधीशो जयति ।। ।। जयति श्रीविठ्ठलेश्वरः ।।

।। પુષ્ટિસંસ્કાર ।।

વર્ષ - ૮, અંક - ૦૭, સળંગ અંક - ૯૧, ઓક્ટોબર - ૨૦૧૭

नमः परस्मै पुरुषाय भूयसे
सदुध्भवस्थान निरोधलीलया।
गृहीतशक्तित्रितयाय
देहनामन्तर्भवायानुपलक्ष्यवर्त्मने ।।
(श्रीमद्भागवत, ध्रुवस्तुति -२/४/१२)

એ પુરુષોત્તમ ભગવાનના ચરણકમલમાં મારા કાટિ-કોટિ પ્રણામ છે, જે સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયની લીલા કરવા સત્ત્વ, રજ અને તમોગુણ રૂપ ત્રણ શક્તિઓનો સ્વીકાર કરી બ્રહ્મા, વિષ્ણુ અને શંકરનું સ્વરૂપ ધારણ કરે છે, જે સમસ્ત ચર-અચર પ્રાણિઓના હૃદયમાં અન્તર્યામી રૂપથી બિરાજમાન છે, જેમનું સ્વરૂપ અને જેમની ઉપલબ્ધિનો માર્ગ બુદ્ધિનો વિષય નથી, જે સ્વયં અનંત છે તથા તેમની મહિમા પણ અનન્ત છે.

પ્રકાશક
શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન - મોટી હવેલી, જૂનાગઢ (ગુજરાત)
Web: www.pushtisanskar.org

॥ શ્રીવલ્લભાધીશો જયતિ ॥

‘પુષ્ટિસંસ્કાર’

પ્રેરક
ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી
શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)

પથદર્શક
ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)

પ્રકાશક
શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન
મોટી હવેલી, પંચહાટડી ચોક,
જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોન:૦૨૮૫-૨૬૨૦૨૦૦

મુદ્રક
મેટ્રો ઓફસેટ - જૂનાગઢ

વાર્ષિક લવાજમ
₹૧૫૦/- પ્રતિ અંક ₹ ૧૫/-
વિદેશ માટે ₹૨૦૦૦/-

પ્રકાશિત કરવામાં આવેલ લેખો અને માહિતિ સાથે પ્રકાશકનું સહમત હોવું અનિવાર્ય નથી. લેખનની સમ્પૂર્ણ જવાબદારી જે તે લેખકની રહેશે.

‘પુષ્ટિસંસ્કાર’ નો અંક દરેક મહિનાની ૧ તારીખે રવાના કરવામાં આવે છે. જે-તે મહિનાની ૧૫ તારીખ સુધીમાં અંક ન મળે તો નામ, ગ્રાહક નંબર સાથે **‘શ્રીપુષ્ટિસંસ્કાર કાર્યાલય’** પર જાણ કરવી.
ફોન:૦૨૮૫-૨૬૨૦૨૦૦

અનુક્રમણિકા

सर्वहितकारिणी गोमाता	૦૪
પુષ્ટિબોધ	૦૫
શિક્ષાપત્ર	૦૮
શ્રીબેઠકચરિત્ર માહાત્મ્ય	૧૦
કીર્તન રસાસ્વાદ	૧૧
સેવાફલ	૧૩
વલ્લભના વ્હાલા વલ્લભીય	૧૫
પુષ્ટિ પ્રશ્નોત્તરી	૧૮
જાણો અને જીવો	૧૯
બાલવિભાગ	૨૦
પુષ્ટિજ્ઞાનવૃદ્ધિ	૨૨
પુષ્ટિ સિદ્ધાન્ત	૨૩
ભગવાનની ભક્તિ	૨૫
આપણા આવનારા ઉત્સવો	૨૭
પુષ્ટિસંસ્કાર સમાચાર	૩૧
વ્રતોત્સવ ટિપ્પણી	૩૪

તંત્રી/સંપાદક : કમલ સેજપાલ, **શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન પ્રમુખ :** જયેન્દ્રભાઇ તન્ના

हमारे आराध्य भगवान श्रीकृष्णको प्रिय

सर्वहितकारिणी गोमाता

ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી

गो शब्दकी व्युत्पत्ति एवं लक्षण - शास्त्रोंमें प्रयुक्त गो शब्द का मुख्य अर्थ।

“सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दन:। पार्थो वत्स: सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ।।”

इस श्लोक में उपनिषदोंकी तुलना जिस गोरूप से की गई है, वही गोरूप गो शब्द का मुख्य अर्थ है।

‘गम्लृ गतौ’ धातु से निष्पन्न है गो शब्द। गो शब्द योगरूढ है जैसे ‘पंकज’ शब्द; पंकज शब्द का अर्थ है – कमल का पुष्प। उसी प्रकार **गोशब्द का अर्थ है प्रभु की ऐसी सृष्टि, जिसका भारतीय संस्कृति में विशेष महत्व है।**

गो शब्द का मुख्य अर्थ है – भगवान श्रीकृष्णकी ऐसी सृष्टि जो हमारे आराध्य भगवान श्रीकृष्णको अतिप्रिय है, गोलोकमें विराजित गोमाताका जो वंश हैं, ‘गोलोकाद् आव्रजत् कृष्णं सुरभि:’ (श्रीमद्भागवत १० पूर्वार्ध २४/१), सभी देवताओंका निवास स्थान है, सनातन धर्मके प्रत्येक संस्कारों की विधि इनके पंचगव्यके बिना अधूरी है वही गोरूप, जिनका दूध अमृत है वही गोरूप, जो गलकंबल एवं ककुद से युक्त है वही गोरूप,जिनको वेदमें ‘अघ्न्या’ (जिनकी हत्या नहीं हो सकती) कहा गया है वही गोरूप, जिनका श्रीमद्भगवद्गीतामें ‘‘परस्परं भावयन्त: श्रेय: परमवाप्स्यथ’’। (३/११) प्रजा एवं गोवंश परस्पर के पूरक है ऐसा ध्वनित किया गया है वही गोरूप, जिसका श्रीमद्भगवद्गीतामें ही ‘‘धेनूनामस्मि कामधुक्’’ (१०/२८) ‘‘कृषिगोरक्षवाणिज्यम्’’ (१८/४४) अनुसन्धान है वही गोरूप, भगवदवतारकी प्रार्थना के लिये देवताओंके साथ पृथ्वीने ‘गोरूप’ धारण किया था वही गोरूप, जिनकी रक्षाके लिये भगवान श्रीकृष्ण गोरक्षाव्रती है ‘‘सोऽयम् मे व्रत आहित:’’ (श्रीमद्भागवत दशमस्कन्ध पूर्वार्ध २५/१८) वही गोरूप, भगवान श्रीकृष्णने अपने पूजा स्थलोंमें ‘‘गावो वैष्णव: खं मरुज्जलम् । भूरात्मा सर्वभूतानि भद्र पूजापदानि मे।।’’ (श्रीमद्भागवत ११/११/४२) जिसकी गणना की वही गोरूप, श्रीमद्भागवतके परीक्षित द्वारा कलिनिग्रह प्रसंगमें ‘वृष’रूपी धर्म एवं ‘गोरूपिणी’ पृथ्वी की रक्षा करने के प्रसंगमें वर्णित वही गोरूप, मर्यादा पुरुषोत्तम भगवान श्रीरामचन्द्रजी के प्रादुर्भावमें जो गोसेवा निमित्त बनी वही गोरूप, शास्त्रोंमें ‘गोदान’ की बहुत महिमा है वही गोरूप, समुद्रमंथनसे प्राप्त जो गोरूपी रत्न वही गोरूप, श्रीहरिरायजीने ‘गवां स्वरूपनिरूपणम्’ में जिसका निरूपण किया वही गोरूप, श्रीमहाप्रभुजीको स्वयं प्रभुने कहा था ‘‘मुझे गाय बहुत प्रिय है’’ वही गोरूप **गो शब्दका** अर्थ है। **शास्त्रोंमें मुख्यतया इस अर्थमें ही गो शब्द प्रयुक्त है, इस ग्रन्थमें भी इसी अर्थमें गो शब्द प्रयुक्त है।**

'cow' अथवा विदेशी वंश के लिये प्रयुक्त शब्द गो शब्दका पर्याय नही हो सकता। संकर(mix breed) तो ‘‘संकरो नरकायैव’’ (श्रीमद्भगवद्गीता १/४२) ही है। गो शब्दका समानार्थक शब्द विदेशी भाषामें प्राप्त करना अशक्य है। अत:, चाहे कोई भाषा हो हमारी गोमाता–गोवंशके लिये तो ‘गोशब्दका ही प्रयोग होना चाहिये’।

जिनके आधिभौतिक रूप पर हमारी आधिदैविक, आध्यात्मिक आस्था आधारित हो उनके आधिभौतिक रूप सें किसीभी प्रकार की छेड़छाड़ अथवा रूप परिवर्तन करके उस परिवर्तित रूपको धार्मिक आस्था का केन्द्र मानकर गो ग्रास, गो पूजन आदि कार्य मूर्खता है, शास्त्र एवं आस्तिकताका उपहास है। गो शब्दका अर्थ 'COW' संकर, विदेशीवंश कभी भी नहीं हो सकता।

प्रबुद्ध आस्तिक व्यक्तियोंसे अपेक्षित है कि हमारी ‘गोसंस्कृति’ की 'COW' शब्द द्वारा की जा रही प्रवंचना को रोका जाय एतदर्थ गंभीरतासे प्रयत्न करें।

गोशब्दका एकमात्र अर्थ है; **हमारे आराध्य भगवान श्रीकृष्णको प्रिय सर्वहितकारिणी गोमाता–गोवंश। इसी गोवंशके संवर्धन, पालन एवं रक्षण के लिये हमें कटिबद्ध होना हैं।**

પુષ્ટિબોધ

ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી

આપણે જોયું કે પ્રભુની સેવા ભક્ત પોતાના ઘરમાં પ્રભુને સર્વ સમર્પણ કરીને કરે છે. તેનો અર્થ એ કે પ્રભુ આપણા ઘરમાં આપણને અનુકૂલ થાય અને આપણે પ્રભુને અનુકૂલ થઇએ. આપણી જીવનપદ્ધતિ પર ધ્યાન આપીશું તો જણાશે કે આપણા જીવનમાં મુખ્ય ચાર ક્રમ હોય છે.

(૧) આપણી દિનચર્યા એટલે કે પ્રત્યેક દિવસનો ક્રમ – સવારે ઉઠવું, નહાવું, રસોઇ બનાવવી, કાર્યાલયમાં જવું, ઘરે આવવું, ભોજન કરવું વગેરે ... સૂવા સુધીનો સામાન્ય ક્રમ હોય છે.

(૨) ઋતુ અનુસાર પરિવર્તન – પહેરવેશ બદલાય, ભોજન પ્રકાર બદલાય, કૂલર/હીટર/છત્રી વગેરેનો ઉપયોગ થાય વગેરે

(૩) તહેવારની ઉજવણી – હોળીના દિવસે રંગોથી રમીએ, દીવાળીના દીપ પ્રજ્વલિત કરીએ, જન્મદિવસની ઉજવણી કરીએ વગેરે.

(૪) ઇચ્છાનુસારી વિશેષ ક્રમ – સમયની અનુકૂલતા પ્રમાણે સગાસમ્બન્ધીઓને મળવા જઇએ, બાળકોના વેકેશનમાં ફરવા જઇએ વગેરે.

જેમ આપણા જીવનમાં આવી વિવિધતા છે તે જ રીતે પ્રભુની સેવાનો ક્રમ પણ આપણા જીવનક્રમ પ્રમાણે જ નિર્ધારિત કરવામાં આવ્યો છે. જેથી આપણું જીવન અને પ્રભુની સેવાનો ક્રમ પરસ્પર સમન્વિત બને અને આપણો સમર્પણભાવ દૃઢ થાય.

આપણા જીવનક્રમની જેમ જ ભગવત્સેવાક્રમને પણ ચાર પ્રકારે સમજી શકાય છે.

(૧) નિત્યસેવા ક્રમ (૨) ઋતુસેવા ક્રમ (૩) ઉત્સવસેવા ક્રમ (૪) મનોરથસેવા ક્રમ

નિત્યસેવાક્રમ

જેમ આપણો દૈનિક જીવનક્રમ હોય છે; તેવી રીતે પ્રભુની સેવામાં પ્રતિદિનનો જે સામાન્ય સેવાક્રમ છે તે નિત્યસેવાક્રમ કહેવાય છે.

જેમાં સવારે પ્રભુને જગાવવાથી અનવસર સુધીનો ક્રમ હોય છે –

પ્રભુને જગાવવા, મંગલભોગ, મંગલા આર્તિ, શૃંગાર, માલા ધરાવવી, આરસી દેખાડવી, રાજભોગ, રાજભોગ આર્તિ, અનવસર વગેરે ક્રમ હોય છે.

સાંજે ઉત્થાપનથી શયન સુધીનો ક્રમ જેમાં ઉત્થાપન, ઉત્થાપનભોગ, સંધ્યા આર્તિ, શૃંગાર વડા કરવા, શયનભોગ, શયન આર્તિ, પ્રભુને પોઢાવવા વગેરે ક્રમ હોય છે.

ઋતુસેવાક્રમ

ઋતુ એટલે વાતાવરણનું પરિવર્તન. ઋતુના પરિવર્તનની અનુકૂલતા પ્રમાણે જે સેવાક્રમ નિર્ધારિત

થાય છે તેને ઋતુસેવાક્રમ કહેવાય છે.

ભારતમાં સામાન્ય રીતે ત્રણ ઋતુ ક્રમશઃ આવે છે - ગરમી, વરસાદ અને ઠંડી.

ગ્રીષ્મ ઋતુ - ગ્રીષ્મ ઋતુ ક્રમ નો સમય અક્ષયતૃતીયાથી રથયાત્રા સુધીનો હોય છે.

આ સમયે વાતાવરણમાં ગરમી હોય છે તેથી તેને ઉષ્ણકાલ કહેવાય છે. પ્રભુને મલમલના હલ્કા રંગના વસ્ત્રો અને મોતીના તથા છીપના આભરણ ધરાવવામાં આવે છે. ખસના પંખા, ખસના બંગલા, ખસના ટેરા, જલના ફુવારા, ગુલાબજલનો છિડકાવ, થાલમાં જલ ભરી શ્રીયમુનાજીની ભાવના, ચંદન ધરવું, શીતલ રહે તે માટે રજના કુંજામાં જલ ધરવું વગેરે શીતોપચાર કરવામાં આવે છે.

વર્ષાઋતુ - રથયાત્રાથી વર્ષા ઋતુ ક્રમનો પ્રારંભ થાય છે.

આ સમયમાં મલ્હાર રાગ ગાવામાં આવે છે. એક મહિના સુધી પ્રભુ હિંડોરામાં ઝુલે છે. લહેરિયા અને ચુનરીના વસ્ત્રો પ્રભુ ધારણ કરે છે.

શીતઋતુ - દેવપ્રબોધિની એકાદશી (દેવદિવાળી) થી શીતઋતુ ક્રમનો પ્રારંભ થાય છે.

શીતકાલમાં પ્રભુને ગદલ - ફલગુલ (રૂ ભરેલા વસ્ત્રો) ધરાવવામાં આવે છે. જરીના વસ્ત્રો અને ભારે શૃંગાર પ્રભુ ધારણ કરે છે. વધારે ઠંડી હોય ત્યારે પ્રભુ સન્મુખ અંગીઠી રાખવામાં આવે છે.

આમ જે તે ઋતુના વાતાવરણને અનુરૂપ આપણને ઉપલબ્ધ સુંદર સામગ્રીઓ પ્રભુને સમર્પિત કરવાનો અને આપણા સ્નેહભાવને અભિવ્યક્ત કરવાનો અવસર આપણને ઋતુક્રમથી પ્રાપ્ત થાય છે.

ઉત્સવ સેવા ક્રમ

'ઉત્' એટલે આનન્દ અને 'સવ' એટલે પ્રસવ. અર્થાત્ આનન્દનું પ્રકટ થવું તે ઉત્સવ છે.

ભારતીય સંસ્કૃતિ ઉત્સવપ્રધાન છે. વિવિધ અવસરો પર વિવિધ રીત અને ભાવથી ઉત્સવો મનાવવાનો અનેરો આનન્દ ભારતીય સંસ્કૃતિમાં જેટલો જોવા મળે છે તેટલો અન્યત્ર ક્યાંય નથી.

ભક્તિમાર્ગમાં વિવિધ ઉત્સવોને પ્રભુ સાથે મનાવવાનો એક વિશિષ્ટ પ્રકાર વિકસિત થયો છે. એ પ્રકાર એટલે ઉત્સવ સેવા ક્રમ.

આખા વર્ષમાં અનેક ઉત્સવો આવે છે. તે સમયે પ્રભુ; તે ઉત્સવને અનુરૂપ વસ્ત્ર-શૃંગાર ધારણ કરે છે તથા તે ઉત્સવને અનુરૂપ સેવા તથા કીર્તનનો ક્રમ હોય છે.

જેમકે પવિત્રા એકાદશીના પ્રભુને પવિત્રા સિદ્ધ કરીને ધરાવવા.

જન્માષ્ટમીના પ્રભુને પંચામૃત સ્નાન કરાવવામાં આવે. બીજે દિવસે નોમના સવારે પલનામાં નન્દમહોત્સવ થાય અને નન્દમહોત્સવના કીર્તન ગવાય.

દીપાવલીમાં દીપમાલિકા, હટરીનો ક્રમ તથા કાનજગાઇ.
અન્નકૂટના દિવસે ગોવર્ધનપૂજા તથા અન્નકૂટ ભોગનો ક્રમ.

હોળીના સમયમાં ગુલાલ-અબીર આદિ રંગોથી ખેલાવવા અને વસન્તધમારના કીર્તન ગાવા.

શ્રીમહાપ્રભુજીના ઉત્સવના પ્રભુ કેસરી વસ્ત્ર ધારણ કરે, તિલક થાય અને જન્માષ્ટમીની વધાઇ તથા શ્રીમહાપ્રભુજીની વધાઇના કીર્તન થાય.

આ રીતે અનેક ઉત્સવો અને તેના વિશિષ્ટ સેવાક્રમથી ભક્તનું જીવન આનન્દથી પરિપૂર્ણ રહે છે.

મનોરથસેવા ક્રમ

જીવનક્રમમાં ક્યારેક આપણને સામાન્યક્રમથી વિશેષ કંઇક કરવાની ઇચ્છા થાય છે. તે જ રીતે ભગવત્સેવામાં આપણા પ્રભુ સમ્બન્ધી કોઇક વિશેષક્રમની ઇચ્છા થાય તેને મનોરથ કહેવાય છે. આપણા ઘરમાં બિરાજતા પ્રભુ પ્રત્યે આપણા વિશેષ ભાવની અભિવ્યક્તિ મનોરથ રૂપે થાય છે. તેથી જેને ત્યાં પ્રભુ બિરાજતા ન હોય તેની માટે મનોરથનો ક્રમ જ નથી. કોઇને પૈસા આપીને રાજભોગ - પલના - છપ્પનભોગ એવા મનોરથ કરાવી શકાય જ નહિ. આપણા ઘરમાં આપણા પોતાના પ્રભુ પ્રત્યે વિશેષ ભાવ થતા મનોરથ કરવામાં આવે છે.

આજે પ્રભુના વિક્રયના ભાવોની પત્રિકાઓ છાપીને, મોટા મોટા મંડપો બાંધીને, વાડીઓ બુક કરીને, મનોરથીઓ (?) નોંધીને કરાતા આયોજનને મનોરથ સમજી લેવામાં આવ્યા છે; તે વિકૃત પ્રકાર છે. હકીકતમાં ભક્તના મનના એક ખૂણામાં પોતાના સેવ્ય સ્વરૂપની નિત્યસેવાનો ક્રમ કરતા કરતા ક્યારેક પ્રભુ સમ્બન્ધી ભક્તિભાવ અને ઋતુક્રમને અનુકૂલ કોઇક વિશેષ ઇચ્છા આકાર લે અને તે મનના નિર્મલ ભાવને સમાનશીલ નિજજનોના સંગાથે પોતાના દ્રવ્યના વિનિયોગપૂર્વક સ્વસેવ્ય પ્રભુ સાથે માણે; એ ભક્તિમાર્ગીય મનોરથ કહેવાય.

ભક્તિમાર્ગીય મનોરથમાં ઋતુક્રમ અને પુષ્ટિભાવનાનું ધ્યાન રાખવામાં આવે છે. ઋતુક્રમથી વિપરીત જેમકે શીતકાલમાં ચંદન ધરાવવાનો મનોરથ ન કરી શકાય. તે જ રીતે પુષ્ટિભાવથી વિરૂદ્ધ જેમકે નાગદમનલીલાનો મનોરથ ન કરી શકાય.

મનોરથક્રમમાં વિશેષ કરીને પ્રભુને નાવમાં પધરાવવાનો મનોરથ, બગીચાનો મનોરથ, ચંદનવાઘા, ફૂલફાગનો મનોરથ, છાકનો મનોરથ વગેરે કરવામાં આવે છે.

મનોરથ કરતી વખતે ભગવત્સ્વરૂપની ગરિમા, પારંપરિક રીત અને ભાવનાનું ધ્યાન રાખવું પણ અતિશય આવશ્યક છે. આપણે પિકનિકમાં જઇએ છીએ, સ્વીમીંગપુલમાં ન્હાઇએ છીએ તો ઠાકુરજીને પણ સ્વીમીંગપુલ બનાવીને - હેટ પહેરાવીને - છત્રી લગાવીને બિરાજાવી દઇએ અથવા ટેડીબેરની સજાવટના મનોરથ કરવા લાગીએ તો એ યોગ્ય નથી. આ પ્રકારના અશિષ્ટ મનોરથો ન કરવા. શ્રીવલ્લભની કાનિથી બિરાજતા ભગવત્સ્વરૂપને શ્રીવલ્લભની દૃષ્ટિએ નિહાળતા શીખીશું તો જ સેવ્ય સ્વરૂપ સાથે યોગ્ય વ્યવહાર કરવાની પણ સમજ પડશે.

પ્રભુના સુખનો વિચાર જ પુષ્ટિભક્તિમાર્ગમાં મુખ્ય છે. તેથી સેવાના ક્રમમાં વધારે પડતી ઝાકઝમાળ ન કરવી. પુષ્ટિમાર્ગીય પરમ્પરા અનુસાર ભગવત્સેવાના સુંદર અને સુવિચારિત ક્રમને જ અનુસરવું.

આમ આપણે જોયું કે ભક્ત અને ભગવાન્‌ના સહજીવનનો કેવો અદ્ભુત પ્રકાર પુષ્ટિમાર્ગમાં બતાવવામાં આવ્યો છે. ભક્ત ભગવાન્‌ને અનુરૂપ થાય અને ભગવાન્ ભક્તને અનુકૂલ થાય ત્યારે ભક્તિ ખીલી ઉઠે છે.

શિક્ષાપત્ર લેખાંક-૨૮

ચંદ્રિકાબેન નરશાણા - જૂનાગઢ

દશમા શિક્ષાપત્રમાં આઠ શ્લોકોમાં નવ પ્રકારના દુ:ખોનું નિરૂપણ કરીને અંગીકૃત જીવોને સ્વરૂપાનંદનું દાન આપવા માટે નવ પ્રકારના વિરહનો અનુભવ થાય જેને શ્રીહરિરાયજીએ આર્તિનું સ્વરૂપ બતાવ્યું.

છ શ્લોકના આ ૧૧માં શિક્ષાપત્રમાં હરિરાયજીએ વૈષ્ણવોના મુખ્ય ચાર કર્તવ્યો બતાવીને ગાગરમાં સાગર સમાવી દીધો છે. આ માર્ગમાં આવેલા વૈષ્ણવોને જો ભગવદ્કૃપા પ્રાપ્ત કરવી હોય તો મનને શ્રીમહાપ્રભુજીના ચરણ-કમલમાં દૃઢ આશ્રય સાથે સમર્પિત કરવાનું રહ્યું. મન છે તે માંકડા જેવું છે. કુદકા મારતું એક ડાળીએ થી બીજી ડાળીએ ફર્યા કરે છે. અને ક્યારેક તો એવી ડાળી ઉપર થઇને બેસી જાય છે કે જે તૂટવાની અણી ઉપર હોય. ડાળ તુટી પડે અને મન ભાંગી જાય. જીવન નિરાશ અને નિરાધાર બની જાય છે. ડાળીએ ડાળીએ ફરતા માકડા રૂપી મનને જો શ્રીમહાપ્રભુજીના ચરણ-કમલ સાથે બાંધી દેવામાં આવે તો જીવન કાંઇક નિરાળું, તેજોમય બની જાય છે.

આધિભૌતિક જન્મ લઇને માનવ તો બન્યા. ચોર્યાસી લાખ જુદા જુદા પ્રાણીઓમાં મનુષ્ય-યોનિ સર્વથી શ્રેષ્ઠ કહી છે. કારણ કે તેનાથી જ ભગવદ્-પ્રાપ્તિ થઇ શકે છે. દેવ-યોનીથી પણ ભગવદ્ પ્રાપ્તિ દૂર છે. આધ્યાત્મિક જન્મ એટલે બ્રહ્મસંબંધ દીક્ષા દ્વારા વૈષ્ણવ બન્યા. વૈષ્ણવ ધર્મ (પુષ્ટિ) સ્વીકાર્યો. તો પછી શ્રીઆચાર્ય ચરણથી દૂર કઇ રીતે રહી શકાય...? આચાર્ય ચરણ તો આપણા આચાર્ય, આપણા બધાના ગુરૂ છે અને ગોલોક ધામમાં ભગવાનની થયેલી આજ્ઞાનું પાલન કરવા આચાર્ય સ્વરૂપે ભૂતલ પર પધાર્યા. દૈવી જીવોને શરણે લઇને પુષ્ટિ કરી પુષ્ટિમાર્ગ બતાવ્યો. પુષ્ટિ પ્રભુ (પૂર્ણ પુરૂષોત્તમ- પૂર્ણાનંદ સ્વરૂપ)નો પરિચય કરાવ્યો. અરે... તેમને આપણા ઉપર પધરાવી પણ દીધા અને પોતાનું સર્વસ્વ આપણને સોંપીને તેને જ સર્વસ્વ જાણીને સેવા કરવાની આજ્ઞા કરી. હવે જો આ કર્તવ્યથી આપણે દૂર ભાગતાં ફરીએ તો શું આપણે પુષ્ટિમાર્ગીય કહેવડાવવાને લાયક છીએ ખરા...? આ પ્રશ્ન આપણે જ આપણી જાતને પૂછવાનો છે. આ દેહનો સદ્ઉપયોગ (પ્રભુને સુખારા કરવા માટે) છે. મોજશોખમાં વેડફી નાખવા માટે નથી અંત:કરણને એવું શુદ્ધ બનાવી લઇએ કે પ્રભુ તેમાં બિરાજવા માટે લાલાયિત થઇ જાય. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચારનું બનેલું આપણું અંત:કરણ જે પ્રભુને બિરાજવાનું સ્થાન છે તેને જ પ્રભુને સમર્પિત કરી દઇએ. સૂરદાસજીએ પદમાં બહુ સુંદર વાત કરી છે. મન-સુવા-તન પિંજરા-તાસો લાગ્યો તેરો હેત। કાલ રૂપી મંજાર ડોલે, અબ ઘડી તોહે લેત...।। મન રે તૂ શ્યામ સો કર હેત.

તન રૂપી પિંજરામાં રહેલા મન રૂપી પોપટને ખબર નથી કે આ કાલ રૂપી બિલાડી ક્યારે તનું ભક્ષણ કરી જશે માટે મનને (પોપટને) પિંજરાનો (દેહનો) પ્રેમ-હેત છોડાવીને કાલ રૂપી બિલાડીથી બચાવવા શ્યામ સાથે હેત કરવાની, પ્રીત કરવાની વાત છે. કારણ કે મન તો એક જ છે. એક સાથે બે જગ્યાએ લાગતું નથી એટલે તો વ્રજભક્તોએ ઓધવજીને કહ્યું છે. ‘‘મન ન લીયે દસ-વીસ’’ તે તો શ્યામ સાથે ગયુ છે. હવે...શું?

આ શ્રુતિરૂપા વ્રજભક્તો લૌકિક રીતે પતિને વરવા છતાંય અલૌકિક સ્વામી એવા શ્રીકૃષ્ણને વરી ચુક્યા છે. રાસ-લીલા એ જ એમનો ઇચ્છિત મનોરથ હતો. રાસલીલા દરમિયાન જ પ્રભુએ અંર્તધ્યાન થઇને વિરહનું દાન કરી દુઃખભાવન કરતાં શીખવ્યું.

લૌકિક અભિમાન ભક્તિની અંદર બહુજ બાધા રૂપ છે. પરંતુ ‘હું પ્રભુનો દાસ છું.-પ્રભુ મારા સ્વામી છે.’’ એવું સૌભાવ્યનું ગૌરવ ભગવદ્ ભાવમાં સાધક છે.

દરેક શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી મહાપ્રભુજીના ચરણ-કમલનો દૃઢ આશ્રય રાખવાની આજ્ઞા કરે છે. આશ્રિત થઇને રહેવું એટલે તેમના બનીને રહેવું. શ્રીમહાપ્રભુજીના આશ્રય કરતાં બે વાતને જીવનમાં વણી લેવાની છે. આજ્ઞાઓનું પાલન કરવું. નિષેધ કાર્ય ક્યારેય ન કરવું. તેમના ઉપર દૃઢ વિશ્વાસ રાખવો. શ્રીમહાપ્રભુજી અત્યારે પણ આપણી વચ્ચે

તેમના વાઙ્મય સ્વરૂપે બિરાજે જ છે. તેમનું પઠન, વાંચન, ચિંતન અને મનન કરતાં જીવને શ્રીમહાપ્રભુજીના સાનિધ્યનો અનુભવ જરૂર થાય છે.

શ્રીમહાપ્રભુજીના ગુણોનું વર્ણન કરતાં શ્રીગુસાંઇજી મહારાજે 'સપ્ત શ્લોકી' ગ્રન્થમાં આજ્ઞા કરે છે.'રાધા વલ્લભ સેવયા, તદુચિત પ્રેમ્ણોપદેશેરપિ શ્રીમદ-વલ્લભ નામધેય સંદેશો ભાવિ ન ભૂતોડસત્યપિ'' આચાર્યજીએ પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો જેમાં સાક્ષાત્ પુરૂષોત્તમનો સંબંધ છે. એવા શ્રીઆચાર્યજી આપ છે. આવી કૃપાનો સાગર ભૂતકાળમાં કોઇ થયો નથી અને ભવિષ્યમાં થશે પણ નહિ. વર્તમાનમાં છે પણ નહિ. કોટાનકોટિ યુગો પસાર થઇ ગયા. ઘણા મોટા અને મહાન અવતારો પણ થઇ ગાય. ઋષિમુનીઓ, ભગવદીયો પણ થઇ ગયા પણ કોઇએ પુષ્ટિ ન કરી. કોઇનાથી પુષ્ટિમાર્ગ પ્રકટ ન થયો. પરંતુ શ્રીવલ્લભે તે પ્રગટ કર્યો. જેમાં પુષ્ટિલીલા પ્રગટ બિરાજે છે. શ્રીમહાપ્રભુજી સમાન બીજું કોઇ છે એવું કહેનારને આસુરી જાણવો. સર્વલીલાયુક્ત શ્રીકૃષ્ણનું સદા સ્મરણ કરતાં જ રહેવું જોઇએ. પ્રભુના યશોગાન કરીએ તે પ્રભુને પણ ખૂબ જ ગમે છે. ગુણગાનની જો એક ટેવ પડી જાય તો અસદ, આલાપ સ્વયં જ વિદાય થઇ જાય. વાણી પવિત્ર હોય તો મન પણ પવિત્ર જ રહે. મનથી પણ ક્યારેય કોઇનું અહિત ન ઇચ્છનારાના જ મુખમાં સદાય ભગવદ્ નામ ભર્યુ રહે છે. અવતાર કાળમાં પ્રભુએ કરેલી લીલાઓનું અવગાહન આપણા માર્ગની પ્રણાલીમાં એવા તો છવાય ગયા છે કે દરેક વર્ષમાં આવનારા એક જ સરખા ઉત્સવો દર વર્ષે કાંઇક નોતમતા લઇને જ આવે છે. ઉત્સવમાં મનને અધિક આનંદ પ્રાપ્ત થાય છે. કારણ કે તે ઉત્સવોને આપણે આપણા પ્રભુ સાથે મનાવીએ છીએ. પછી તે ઉત્સવ જન્માષ્ટમીનો હોય કે શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઇજી વગેરે બાલકોનો પ્રાગટ્ય ઉત્સવ હોય બધાજ માં આનંદ જ મળે છે. જે આનંદની ખોજમાં લૌકિકમાં સમય વેડફાય જાય છે જ્યારે પ્રભુ સાથે તેને માણતા કાંઇક અનેરો આનંદ આવે છે. આવા આનંદને પ્રાપ્ત કરવા માટે વૈષ્ણવોનું શું કર્તવ્ય છે. તે શ્રીહરિરાયજી આપણને સમજાવી રહ્યા.... છે.

પૃષ્ઠ ૨૪ નું શેષ

આપે ખવાસને પાન લાવવા કહ્યું. ખવાસે તો પાન આપી દીધું પછી જન્માષ્ટમીનું જાગરણ આવ્યું ત્યારે ખવાસે એવું વિચારીને પાન આપ્યું કે શ્રીગોકુલનાથજી આજે પણ વ્રત નહીં કરે પણ આપે તો કહ્યું કે આજે જન્માષ્ટમીનું વ્રત છે આજે કંઇ પાનની બીડી લેવાય? તે લેવાથી વ્રત ભંગ થાય ખવાસથી રહેવાણુ નહીં તેણે કહ્યું કે આપે પ્રબોધિની એકાદશીના દિવસ તો પાન આરોગ્યુ હતુ. શ્રીગોકુલનાથજી એ આજ્ઞા કરી કે તે દિવસે હું પાન એટલા માટ આરોગ્યો હતો કે મારે આખી રાત કીર્તન કરવાનાં હતા એટલે શ્રીઠાકોરજી માટે વ્રત તોડયું હતું પણ આજે તો આખી રાત સેવાનો ક્રમ છે. ફક્ત કીર્તન નથી કરવાના તેથી આજે જો પાનની બીડી લઉં તો વ્રત ભંગ થાય. આપણે ત્યાં એક ચોકકસ સિદ્ધાન્ત છે. વ્રત ધારણ કરવું કે વ્રત ભંગ કરવું તે પ્રભુની માટે જ છે. એકાદશી કરવાથી વધુમાં વધુ મને શો લાભ થશે? મારે આત્મોદ્ધાર થશે, મારો આત્મોદ્ધાર ભલે ન થાય પણ પ્રભુને વધુમાં વધુ સુખ તે જ મને પ્રિય છે.

આપણે ત્યાં ભગવત્સેવાને માટે સ્વધર્મ તોડવાના ઘણા ઉદાહરણ છે. જેમકે એક વૈષ્ણવ સોહિની કરી રહ્યા હતા અને ઓચિંતાની સોહિનીની દોરી તુટી ગઇ ત્યારે વૈષ્ણવે પોતાની જનોઇ સોહિની ઉપર બાંધી દીધી. તેના શ્રીઠાકોરજી બોલ્યા અરે, વૈષ્ણવ તું શું કરી રહ્યો છે, નરકમાં પડીશ! પણ એણે કહ્યું કે જો આપના મંગલામાં વિલંબ ન થતો હોય તો મને નરક પણ મંજુર છે. આમ જોઇએ તો બુહારી ઉપર જનોઇ બાંધવી શુદ્ધ પાપાચરણ છે. પણ એણે પાપાચરણ કર્યુ. પોતાના સુખના વિચારથી નહી 'તત્સુખના' વિચારથી.

જેમા વાઘાજી રજપુતને કવાયત કરતા કરતા શ્રીઠાકોરજીએ યાદ દેવડાવ્યુ કે તેઓ આજે રોટી ઉપરથી ઘી ચોપડતા ભૂલી ગયા છે. વાઘાજી જોડા પહેરીને ભોગ મંદિરમાં ઘુસી ગયા અને રોટી ઉપર ઘી ચોપડી દીધુ. જે વૈષ્ણવે આ દૃશ્ય જોયું તે કહેવા લાગ્યા કે આ કેવો અનાચારી છે આને ત્યાં તો પ્રસાદ લેવામાં પણ પાપ છે. પણ શ્રીઠાકોરજીએ વૈષ્ણવ પર નારાજ થયા, વાઘાજી ઉપર નારાજ ન થયા જો કે વાઘાજીએ ધર્મ તોડ્યો હતો પણ પોતાના સુખ માટે નહીં, પોતાના સેવ્યનાં સુખ માટે તોડયો.

શ્રીબેઠકચરિત્ર માહાત્મ્ય

નરોત્તમભાઇ તન્ના - બાંટવા

બેઠકજી ૩૧મા- શ્રીગંગાસાગરના બેઠકજીનું ચરિત્ર

ગંગા સાગર ઉપર કપિલાશ્રમ, કપિલાવનમાં, કપિલકુંડની ઉપર એક છોંકરની નીચે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનાં બેઠકજી છે. તેની આસ પાસ ઘોર જંગલ વન છે ત્યાં સિંહ, હાથી, ગેંડા, સારસ, હરણ, ભેંસ વગેરે વન્ય પશુઓ એવી તામસી જીવ ઘણા છે. ત્યાં મનુષ્યને જવું કઠિન છે. ત્યાં બારે માસ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી બિરાજે છે. ત્યાં આપશ્રીએ તૃતિય સ્કન્ધની શ્રીસુબોધિનીજી સંપૂર્ણ કરી આપ પધાર્યા. ત્યાં ધાનના મુરમુરા કૃષ્ણદાસ મેઘન અલૌકિક રીતીથી લાવ્યા હતા. તે આપશ્રીએ અંગીકાર કરી કૃષ્ણદાસને વરદાન દીધુ હતુ અને એક સમયે શ્રીઆચાર્યજી સુર્યોદય સમયે ગંગાસાગરમાં સ્નાન કરીને આપના બેઠકજીમાં બિરાજ્યા હતા. ત્યારે આપે વિચાર્યુ કે દૈવી જીવોનો ઉદ્ધાર ભગવદ્ આજ્ઞાથી કરવો છે અને જીવ તો તામસી યોનિમાં પડેલાં છે. એને ઉત્તમ યોનિ આપી દઇ, ત્યારે ભગવદ્ ભજનનો અધિકાર થાય અને ભક્તિના સમ્બન્ધ વિના તો તામસી યોનિ નિવૃત ન થાય. તેથી એમને ભક્તિનો સમ્બન્ધ કરવવો એમને પ્રમેયબલ દ્વારા તામસી યોનિ નિવૃત થાય ત્યારે ઉત્તમ યોનિ પામી એમનો ઉદ્ધાર થશે. જેમ ગંધ કરીને ચારો પર્વ વિદ્યમાન થયા છે. સંપૂર્ણ અવિદ્યા કે પૂતનાના વધથી પદરજ ગંદ તેના સમ્બન્ધથી નિવૃત થઇ. મૂલ અવિદ્યા છે. તે સ્વરૂપ જ્ઞાન વિસ્મૃત કરાવવાવાળી છે જે પૂતનાનાં શરીરમાં ચંદન જેવી સુગંધ થઇ (ઉઠી) તે બધા વૃજવાસીએ લીધી તે નાસિકા દવારા અવિદ્યાનો પ્રવેશ થયો. ચારો પર્વ (દિશા) અવિદ્યાથી વિધ્યમાન રહ્યા તેથી પ્રમેયબલથી નિવૃત ક્યાં. દેહધ્યાસ ધેનુનો વધ કરીને ઇન્દ્રિયાધ્યાસ કાલીનો દમન કરને, અંતઃકરણાધ્યાસ કેસી પ્રલંબનો વધ કરીને પ્રાણાધ્યાસ દાવાનલનું પાન કરીને નિવૃત કર્યા. પ્રાણાધ્યાસ દ્વિધા પ્રકાર કહે છે. તેથી દાવાનલનું બે વાર પાન કર્યુ છે એવો પ્રમેય કરી બતાવ્યો. સંપૂર્ણ અવિદ્યા પર્વત સહિત નિવૃત કરી તેથી તો ભક્તિ રૂપ છે. તેમાં એમનો ભક્તિના ગંધથી સમ્બન્ધ કરાવી એમની તામસી યોનિ નિવૃત થઇ જશે અને એમની મનુષ્યયોનિ સિદ્ધ થશે, એવું વિચારીને આપ ત્યાંથી ઉઠીને ગાઢ વન હતું ત્યાં શ્રીઆચાર્યજી મહાપ્રભજી પધાર્યા, ત્યારે પાંચ વૈષ્ણવ આપના અંતરંગ સાથે હતા ત્યાં એક નાનો એવો પર્વત હતો, તેની એક ટેકરી હતી. તેની નીચે આપના ચરણારવિંદનું નિશાન (ચિન્હ) દેખાઇ આવ્યો, ત્યારે તો આપશ્રી બધા વૈષ્ણવ સાથે પર્વતની ટેકરી ઉપર થઇ બિરાજ્યા. ત્યાં આપનાં ચરણારવિંદમાંથી અલૌકિક જાત જાતની સુગંધ નીકળી, તે ગંધને તામસી જીવોએ ગ્રહણ કર્યુ તેથી સર્વ (બધા) તામસી દેહ છોડતા ગયા, પછી કસ્તુરીની સગુંધ નીકળી, તેનો અને મૃગલાઓએ ગ્રહણ કરી શરીર છોડતા ગયા. એવી રીતે જેને જે સુગંધ પ્રિય હોય, તેને ગ્રહણ કરાવીને તેમની તામસી યોનિ નિવૃત કરાવી પછી તેઓ મનુષ્ય યોનિને પ્રાપ્ત થયા ત્યારે ભગવદ્ ભજનના અધિકારી થયા.

આ અલૌકિક ચરિત્ર જોઇને ગંગાસાગર પર વૈષ્ણવોને ઘણુ જ આશ્ચર્ય થયું તેથી ગોપાલદાસજી ગાય છે.

તે તાસમનાં અઘ હર્યા પરતાપ પદરજગંધ ।।

આ ચિરત્ર શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ ગંગાસાગરના બેઠકજીમાં પ્રગટ કર્યુ.

કીર્તન રસાસ્વાદ

સંકલન : વિમલભાઇ ભટ્ટ

ગોપાષ્ટમીનું પદ

મૈયારી મૈ ગાય ચરાવન જૈહોં ।
તું કહિ મહરિ નંદબાબાસોં
બડો ભયો ન ડરે હોં ।।૧।।
શ્રીદામા દે આદિ સખા સબ
ઔર હલધર સંગ લેહોં ।
દહ્યો ભાત કાંવરી ભરી લેહોં
ભૂખ લગે તબ ખેહોં ।।૨।।
બંસીબટકી શીતલ છૈયા
ખેલતમેં સુખ પેહોં ।
પરમાનંદ સંગ ખેલોં
જાય યમુનામેં નેહોં ।।૩।।

એક દિવસ પ્રભુ નંદાલયના આંગણામાં ખેલી રહ્યા હતા. આજે સવારે જ્યારે પ્રભુ કલેઉ કરી રહ્યા હતા ત્યારે નંદાલય પાસેથી ગોવાળીયાઓ ગોશાલાની ગાયોનાં વૃંદને વૃંદાવનમાં ચરાવવા માટે લઇ જઇ રહ્યા હતા તે દૃશ્ય પ્રભુને યાદ આવ્યું. કાળી, ધોળી, રાતી, પીળી ગાયોનું વૃંદ લઇને હી-હી કરતા જતા ગોવાળીયા અને ગાયોની શોભા અદ્‌ભુત હતી. એ યાદ આવતા જ અચાનક પ્રભુને જાણે કે કંઇક યાદ આવ્યું અને ખેલવાનું પડતુ મુકી દોડીને શ્રીયશોદામૈયા પાસે આવીને કહ્યું **મૈયારી મૈ ગાય ચરાવન જૈહોં** ‘‘મૈયા મારે ગાયો ચરાવવા જવું છે.’’ ખેલતા ખેલતા અચાનક પોતાની પાસે પધારેલા લાલનને આવી રીતે ઉત્સાહપૂર્વક ગાયો ચરાવવા જવા માટેની ઇચ્છા વ્યક્ત કરી એટલે શ્રીયશોદાજીને આશ્ચર્ય થયું. જો પોતે લાલનને સીધી ના પાડી દેશે તો લાલન નારાજ થઇ જશે એટલે શ્રીયશોદાજી પ્રભુને સમજાવે છે કે ‘‘બેટા! આપ તો હજુ નાના છો. થોડા મોટા થઇ જાવને પછી જજો! અને વનમાં તો હિંસક પશુ પણ હોય આપને ડર લાગશે! આપના બાબાને પૂછયા વગર હું કેવી રીતે જવા દઉં? જો હું આપને જવા દઉં તો એ મને ખીજાશે.’’ લાલને મૈયાને કહ્યું મૈયા, **તુ કહિ મહરિ નંદબાબાસો બડો ભયો ન ડરેહોં** ‘‘તું બાબાને કહિ દેજે કે હવે તો હું મોટો થઇ ગયો છુ મને કોઇનાથી ડર નથી લાગતો. મારે તો ગાયો ચરાવવા જવુ જ છે.’’ શ્રીયશોદાજી લાલનને સમજાવે છે. ‘‘લાલન ગાયો ચરાવવા જતા ગ્વાલ તો બધા મોટા છે આપની વયના તો કોઇ ગ્વાલ નથી એમની સાથે આપને ગાયો ચરાવવામાં કેમ આનંદ આવશે!’’ લાલને કહ્યું ‘‘મૈયા ! હું એમની સાથે ગાયો ચરાવવા થોડો જઇશ!’’ શ્રીયશોદાજીએ કહ્યુ ‘‘તો પછી ! પ્રભુએ કહ્યુ **શ્રીદામા દે આદી સખા સબ ઔર હલધર સંગ લેહોં** ‘‘ મૈયા ! હું એમની સાથે ગોચારણ માટે નહિ જાવ. હું તો શ્રીદામા, સુબલ, તોત, ભદ્ર, મધુમંગલ આદી મારા સખાઓને સાથે લઇને ગાયો ચરાવવા જઇશ. અને મૈયા ! તને મારી કોઇ ચિંતા ન રહે તે માટે મારા મોટા ભાઇ બલદાઉને પણ સાથે લઇ જઇશ.’’ શ્રીયશોદાજીએ કહ્યું ‘‘લાલન, આપને તો અહિંયા જ્યારે જ્યારે ભૂખ લાગે ત્યારે જે સુહાય તે હું આરોગાવું છું. આપ વનમાં જાવ તો પછી ત્યાં ભૂખ લાગે તો શું કરશો? ત્યાં કોણ આરોગાવશે?’’ લાલન થોડીવાર વિચારમાં પડી ગયા. આપને યાદ આવ્યુ કે સવારે જે ગ્વાલ ગાયો ચરાવવા જતા હતા તેની કાંધે લકુટીમાં ભાતાની કાંવર ભરાવેલી હતી. યાદ આવતા જ તરત લાલને મૈયાને કહ્યુ **દહ્યો ભાત કાંવરી ભરી લેહોં, ભૂખ લગે તબ ખેહોં.** ‘‘મૈયા ! તુ જરાય ચિંતા ન કરતી. તુ મને આ બધા ગ્વાલની જેમ જ મારી પ્રિય સામગ્રી દહીભાત સિદ્ધ કરી કાંવરમાં ભરી દે જે! હવે તો હું મોટો થઇ ગયો છું તેથી જ્યારે ભૂખ લાગશે ત્યારે મારા હાથે જ

શ્રીયશોદાજી લાલનને કહે ''બેટા ગાયો ચરાવવા માટે વનમાં જવું સહેલું નથી. ખૂબ ચાલવું પડે ચાલતા ચાલતા તને થાક લાગશે તો શું કરીશ? આપણે ગાયો ચરાવવા નથી જવું.'' ત્યારે લાલને મૈયાને કહ્યું **બંસીબટકી શીતલ છૈયા ખેલતમેં સુખ પેહોં** ''મૈયા! મે આ ગાયો ચરાવવા જતા ગ્વાલો પાસેથી સાંભળ્યું છે કે વૃંદાવનમાં એક ખૂબ જ સુંદર અને વિશાળ વટવૃક્ષ છે. એ બધા તેઓ જ્યારે થાકી જાય ત્યારે ત્યાં વિશ્રામ કરે છે એવી જ રીતે હું પણ મને જ્યારે થાક લાગશે ત્યારે ત્યાં વિશ્રામ કરીશ અને મારા સખાઓની સાથે ત્યાં ખેલવામાં પણ મને ખૂબ જ આનંદ આવશે''

આ કીર્તન અષ્ટછાપ ભગવદીય પરમાનંદદાસજીએ પ્રભુની આ લીલાનું દર્શન કરતા કરતા રચેલું છે. પરમાનંદદાસજી એ વખતે જાણે કે પોતે પણ ત્યાં લીલામાં હાજર છે અને પ્રભુ અને યશોદાજી વચ્ચે જે સંવાદ થઇ રહ્યો છે તે સાંભળી રહ્યા છે. આ સમયે લાલને પરમાનંદદાસજી સામે નિર્દેશ કરી શ્રીયશોદાજીને કહ્યું **પરમાનંદદાસ સંગ ખેલોં, જાય યમુનામેં નેહોં.** ''મૈયા! હું આ પરમાનંદદાસની સાથે ત્યાં વનમાં ખેલીશ અને ત્યાં તો ખૂબ જ સુંદર શ્રીયમુનાજી પણ બિરાજે છે તો મને જ્યારે મન થાશે ત્યારે ખેલતા ખેલતા શ્રીયમુનાજીમાં સ્નાન પણ કરીશુ. મને તો ગાયો ચરાવવા જવામાં ખૂબ આનંદ આવશે. કોઇપણ તકલીફ નહી પડે. મૈયા! તુ મને ગાયો ચરાવવા જવાની હા પાડી દે ને ....!

આમ પ્રભુએ ગાયો ચરાવવા જવા માટે જીદ પકડી, શ્રીયશોદાજીએ પ્રભુને મનાવવા ઘણા પ્રયાસ કર્યા પણ પ્રભુ માન્યા નહી. શ્રીયશોદાજીએ વાત ટાળવા માટે કહ્યું ''સારું, જ્યારે શાંડિલ્ય ઋષિ ઘરે આવશેને ત્યારે તેને મુહૂર્ત પુછી લેશું. મુહૂર્ત જોયા વગર તો ગોચારણ માટે ન જવાયને?'' પ્રભુએ વિચાર કર્યો કે શાંડિલ્ય ઋષિ તો ક્યારે આવે? ને ક્યારે મૈયા તેને પુછે? આવો વિચાર કરી પ્રભુ પોતે ઋષિવરના ઘરે પધારીને કહી આવ્યા કે મારી મૈયા આપને બોલાવે છે. શાંડિલ્ય ઋષિ પધાર્યા એટલે લાલનની ગોચારણ માટે અતિઉત્સાહ જોઇ ગોચારણ માટે મુહૂર્ત જોવડાવ્યું. શાંડિલ્ય ઋષિએ કારતક સુદ ૮નું મુહૂર્ત આપ્યું.

તે દિવસે શ્રીયશોદાજીએ પ્રભુને ખૂબ જ સુંદર વસ્ત્ર અને શૃંગાર ધરાવ્યા. પ્રભુ પણ અતિ ઉત્સાહપૂર્વક નિ:સાધન ભક્ત એવી ગાયોના પાલક ગોપાલ બનીને ગોચારણ લીલા માટે વૃંદાવનમાં પધાર્યા. આ દિવસ એટલે ગોપાષ્ટમીનો દિવસ.

આપણા ઘરમાં બિરાજતા આપણા પ્રભુને આ લીલાનું ચિંતન કરતા કરતા આપણે લાડ લડાવીએ અને ભગવદ્ ભક્તિના આનંદને માણીએ.....

શ્રીગુસાંઇજીનાં બેઠકજી – ૭

શ્રીગિરિરાજજી

એકવાર શ્રીગુસાંઇજી જતીપુરા બિરાજતા હતા ત્યારે તેમના ચતુર્થ લાલજી શ્રીગોકુલનાથજીએ શ્રીમહાપ્રભુજી દ્વારા શ્રીનાથજીને આરોગાવાયેલા અન્નકૂટના દર્શન કરવાની ઇચ્છા વ્યક્ત કરી. તે સમયે શ્રીશોભા બેટીજી પણ સાથે બિરાજતા હતા. શ્રીગુસાંઇજીએ પૂર્વકાળમાં આરોગાવાયેલા તે અન્નકુટના દર્શન બેવ બાળકોને કરાવતા આજ્ઞા કરી –'શ્રીમહાપ્રભુજીની બધી લીલા નિત્ય અને અખંડ છે.'

સંકલન – અંજલિ સી. ફળદુ, સુરત

સેવાફલ

સંકલન : પોપટલાલ જમનાદાસ

ગતાંકથી ચાલુ

ત્યારબાદ જ્યારે એ ભક્તને તેના નેત્રોથી શ્રીઠાકોરજીના સાક્ષાત્ દર્શન ન થાય, ત્યારે તે વિરહાતુર બને છે. એનો વિરહ અતિ ઉત્કટ ગોપીજનોની માફક અતિશય ઉત્કટ બનતા મનમાં વિપ્રયાગની સ્થિતિ જાગે છે, તેનાં તન,મન વિકળ બની જાય છે. પ્રાણ ધારણ કરવા તેના માટે દુષ્કળ બને છે. એવી પરિસ્થિતીમાં શ્રીઠાકોરજી ભક્તનો વિરહ સહન ન કરી શકતા કૃપા કરીને તેના દેહના અંતરચક્ષુ ખોલી દિવ્ય અલૌકિકતાનું દાન કરી આપે છે. પરિણામે તેના હૃદયમાં તેની સાથે સાક્ષાત્ શ્રીઠાકોરજી અને તેમની સાક્ષાત્ લીલાઓનો અનુભવ કરવા લાગે છે, તેમાં ડુબી જતાં બાહ્ય રીતે જગતનું અનુસંધાન ગુમાવી બેસે છે, ક્યારેક ક્યારેક બે શુદ્ધ બની જાય છે. આવી ભાવસ્થિતિને ‘વ્યસન અવસ્થા’ કહેવામાં આવી છે. વ્યસન અવસ્થામાં અંતઃકરણમાં સતત પ્રાપ્ત થતો સ્વરૂપાનંદનો અનુભવ એ પણ અલૌકિક સામર્થ્યનો જ એક ભાગ છે.

આ વ્યસન અવસ્થાએ પહોંચવા માટે પુષ્ટિભક્તને પહેલાં (૧) પ્રેમ થાય (૨) આસક્તિ (૩) વ્યસન અવસ્થા છે.

(૧) શ્રીઠાકોરજીમાં પ્રેમ ક્યારે થાય ?

આ પ્રેમ શ્રીઠાકોરજીમાં ક્યારે થાય કે જ્યારે જગતા કહેવાતા બધા સ્ત્રી, પુત્ર, ધન, ઘર બધામાં મમત્વ પ્રેમ વગરે દૂર થાય ત્યારે પ્રભુમાં પ્રેમ થાય છે. આ પ્રેમ પ્રકટ થયેલો ક્યારે દેખાય?

નેત્રોમાંથી પ્રેમ વરસે દર્શન કરતાં શ્રીઠાકોરજીના નેત્રો સાથે આંખો એકાકાર થાય અને દર્શન પ્રભુના ન થાય ત્યારે વિરહ તાપ-આરતી થાય. એટલે જ ભક્ત કવિશ્રી પરમભગવદીય તેમના ધોળમાં કહે છે કે ‘જે કોઇ પ્રેમ અંશ અવતરે પ્રેમ રસ તેના ઉરમાં ધરે.’ પ્રેમ રસની પરાકાષ્ટા એટલે ભગવાનની ભક્તોમાં આધીનતા તેને દિવ્યપ્રેમ કહેવાય છે આવી આધીનતામાં ભક્ત અને ભગવાન અભેદ બને છે; તેથી ભગવાન કહે છે હું ભક્તોમાં છું અને ભક્તો મારા છે. શ્રીગોપીજનોએ આવુ અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત કરેલ હતુ, તેથી જ સદા શ્રીનંદનંદન પ્રભુ પરબ્રહ્મ એવા શ્રીકૃષ્ણ તેઓને આધીન થઇને રહ્યા હતા. અરે! તનક છાશ-માખણ માટે શ્રીગોપીજનો સમક્ષ નાચ પણ કરેલ છે. વ્રજભક્તો એટલે આ શ્રીગોપીજનોની રસેશ્વર પ્રભુ શ્રીકૃષ્ણ સાથે સહજ પ્રીત છે અને આવી સહજ પ્રીત જ શ્રીપ્રભુને વિશેષ પરાધીન કરે છે, એટલે વસંતના કીર્તનમાં ભગવદીય પોતાના કીર્તનમાં સહજ ગુણગાન કરી કહે છે કે, ‘સહજ પ્રીત ગોપાલે ભાવ’ આ રીત પ્રીત કોના જેવી છે ત્યાં કહે છે કે (૧) કમળ અને સુર્ય (૨) કુમુદિની અનં ચંદ (૩) કોકિલા અને વસંત (૪) સ્વાતિ જલ અને ચાતક જેવી સહજ પ્રીત છે તેવી ભક્ત ભગવાનની અરસ-પરસ સહજ પ્રીત-રીત શ્રીઠાકોરજીને ગમે છે. તેથી અષ્ટસખા ભગવદીય શ્રીપરમાનંદદાસજી ગુણગાન કરી તેમના કીર્તનમાં કહે છે કે - ‘સહજ પ્રીત ગોપલે ભાવે, મુખદેખે સુખ ઉપજત સખીરી - પ્રીતમ નૈનસે નૈન મિલાવે’ ‘વૃજવાસી જાને રસ રીત, જીનકે હૃદય ઔર નહીં ભાવત - નંદસુવન પદ પ્રીતિ.’ એટલે શ્રીઠાકોરજી વ્રજવાસીઓના હૃદયમાં નંદનંદન છુપાઇને રહે છે તેથી તેઓને રસમાર્ગની રીત અને પ્રીત સીવાય બીજુ કશું ગમતુ જ નથી. પુષ્ટિમાર્ગની અલૌકિક ભગવદરસની રીત અને પ્રીત વ્યસન દશાના પુષ્ટિ ભક્તો જ જાણે છે. આ અવસ્થાએ વૈષ્ણવ સેવા કરતા કરતા તાદશી-ભગવદી ભક્ત ભગવાન સમો બને છે, તેથી જ તે રીત અને પ્રીતમાં ગળાડુબ પુષ્ટિભક્તને બીજા દોષો પણ લાગતા નથી. પુષ્ટિ ભક્તિ સેવા માર્ગમાં રસની રીત જોઇએ તો ‘કૃષ્ણા ધીના તુ મર્યાદા, સ્વાધીના પુષ્ટિ રૂચ્યતે’ સેવા કરતા કરતા આપ શ્રીકૃષ્ણ પ્રભુનુ સ્વરૂપ ક્યારે પધારે કે જ્યારે અનન્ય પ્રતિ ભાવપૂર્વક અને પ્રભુ જ મારું સર્વસ્વ છે તેવા નિશ્ચયપૂર્વક અને ચાતક પક્ષીની જેમ અન્ય જલોની આશા ન કરતા. સ્વાતિજલની આશામાં પોતાના પ્રિય નવધનનુ રાત્રી-દિવસ ધ્યાન કર્યા જ કરે છે તેમ જે વિરહીજન ચાતક જેવી ટેક રાખી સેવા પ્રેમ, સ્નેહભાવપૂર્વક, દીનતા અને વિરહ ભાવનાથી અહર્નિશ કર્યા જ કરે છે તેના હૃદયમાં વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપ લીલાધામ સહિત પ્રકટ થઇ જાય છે. આવા વિરહી ભગવદ્ ભક્તના જ હૃદયમાં ભાવાત્મક-રસાત્મક સ્વરૂપે

પ્રગટ બિરાજે છે તેમજ બહાર પણ પ્રગટ થઇ દર્શન કરાવે છે, અને વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપ તેના હૃદયમાં રમણ કરે છે. એટલે જ કહ્યું છે કે 'બુડે સો બોલે નહીં, બોલે સો અનજાન, પ્રેમ સમુદ્ર ગહેરો અતિ બુડે કોઇ ચતુર સુજાન.' આ છે સેવાનું ફલ.

નિત્યલીલા ધામ-ગોલોક ધામની પ્રાપ્તિ :

શ્રીઠાકોરજીની સેવા કરતા કરતા જ્યારે તેમાં એટલે જે ભક્તને પ્રભુમાં પ્રેમ - આસક્તિ-વ્યસન દશાએ પહોંચતા પહોંચતા આવા ભક્ત જ્યારે આ ભૌતિક દેહ છોડી દે છે, ત્યારે તેનો દિવ્ય બનેલો આત્મા ગોલોકધામમાં જાય છે. ત્યાં તેને શ્રીઠાકોરજીની સેવા માટે અલૌકિક 'સખી દેહ' પ્રાપ્ત થાય છે. આત્માને પ્રાપ્ત થયેલો આ અલૌકિક દેહ એટલે નવ તનુ- નવું જ શરીર, જે પંચમહાભૂતનુ નથી રહેતું પણ અલૌકિક આનંદરસનું છે. આવા નવતનુથી ગોલોક ધામની નિત્યલીલામાં શ્રીઠાકોરજીની સેવા કરતા કરતા તેમની સાથે સતત રમણ કરવું અને તેમની અલૌકિક લીલાઓનો રસાનુભવ કરવા એ પુષ્ટિનું પરમ અને ચરમ ફળ છે.

આમ, આ જ જીવનમાં પણ અને આ જીવન બાદ અલૌકિક સ્વરૂપાનંદના અનુભવમાં સ્વાનુભવમાં ડૂબેલા રહેવાનું જે સામર્થ્ય પુષ્ટિજીવને મળે છે, તેને શ્રીમહાપ્રભુજી અલૌકિક સામર્થ્ય કહે છે. તે જ પુષ્ટિમાર્ગનું અને ભગવદ્‌સેવાનું પરમ ફળ છે.

આ ફળના જ્ઞાનમાર્ગ કે કર્મમાર્ગના જીવોના ભાગ્યમાં હોતુ નથી તે પુષ્ટિજીવોનો જ વિશેષ અધિકાર છે. અન્ય કોઇ સંપ્રદાયની સાધના, ઉપાસના કે આરાધનાથી આ પુષ્ટિફળ મળી શકતુ નથી. શ્રીભાગવતજીમાં પણ ભગવદ્‌ભક્તો અનેક છે પરંતુ આ અલૌકિક સામર્થ્યનું દાન તો કેવળ વ્રજભક્તોને જ થયું છે. (અને આપણા ૮૪/૨૫૨ વૈષ્ણવોને થયું છે. અન્ય કોઇ ભક્તોને થયું નથી. શ્રીમહાપ્રભુજીમાં જ આ અલૌકિક સામર્થ્યરૂપી ફળ આપના પ્રમેયબલથી મેળવી આપવાનું સામર્થ્ય છે.

વિપ્રયોગના અનુભવથી જ મહારસ ધારણ કરવાની પાત્રતા સિદ્ધ થાય છે. પંચમંજરીમાં નંદદાસજી કહે છે કે -જાઘર વિરહ એવા અનલ પરિપક ભટે સુભાય। તાહી ઘટ નન્દનંદકો પ્રેમ અમી ઠહેરાય ।।

સાયુજ્ય :

સાયુજ્ય શબ્દનો અર્થ છે ઓગળી જવું એક રસ થઇ જવું. પાણીમાં ખાંડ કે મીઠુ કે સાકર ઓગળી જાય, તે ખાંડ કે મીઠાનું સાયુજ્ય કહેવાય. આવુ સાયુજ્ય થતા ખાંડ કે મીઠુ અલગ મળી શકે નહી તથા નદી સમુદ્રમાં મળી જાય ત્યારે તે નદીનું નામ કે ઠામ મળી શકે નહી. એવી જ રીતે જ્ઞાનમાર્ગ કે કર્મમાર્ગની સાધનાથી જ્યારે કોઇ જીવાત્મા મોક્ષ પ્રાપ્ત કરે એટલે અક્ષરબ્રહ્મમાં ઓગળી જાય છે. તેનું અલગ અસ્તિત્વ રહેતું નથી, ત્યારે તે મોક્ષને સાયુજ્યના નામથી ઓળખવામાં આવે છે. જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગમાં આવા સાયુજ્યને પરમ અને ચરમફળ માનવામાં આવ્યું છે. જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગનું 'સાયુજ્ય' અક્ષરબ્રહમાં થાય છે.

જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગથી પ્રાપ્ત થતા સાયુજ્યમાં મોક્ષ કરતા પુષ્ટિમાર્ગમાં સેવા દ્વારા પ્રાપ્ત થતો સાયુજ્ય મોક્ષ અલગ સ્વરૂપનો છે. પુષ્ટિજીવને જ્યારે સાયુજ્ય રૂપી ફળ મળે છે, ત્યારે તેનો આત્મા ગોલકધામમાં બિરાજતા એવા પૂર્ણપુરૂષોત્તમ શ્રીઠાકોરજીના શ્રીઅંગમાં લય પામે છે, કેટલાક ભક્તોમાં આત્મા શ્રીઠાકોરજીનાં કેશમાં, તો કેટલાકના આત્મા શ્રીઠાકોરજીના હૃદય પર રહેતા કૌસ્તુભ મણિમાં, તો કેટલાકના આત્મા શ્રીઠાકોરજીના ચરણકમલમાં લય પામે છે.

પરમાત્મા પરબ્રહ્મ પૂર્ણપુરૂષોત્તમમાં જીવાત્માનો લય થવો તેને 'સાયુજ્ય' કહેવામાં આવે છે તેને વિદેહમુક્તિ પણ કહેવામાં આવે છે.

જ્ઞાનમાર્ગનું સાયુજ્ય અક્ષરબ્રહ્મમાં થાય છે, ભક્તિમાર્ગનું સાયુજ્ય સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણમાં થાય છે. જ્યારે પ્રભુ કૃપા કરે છે ત્યારે આ સાયુજ્ય પામનાર જીવોને અલૌકિક દેહ, ઇન્દ્રિય અંતઃકરણનું દાન કરી ફરી પોતાની સન્મુખ પ્રકટ કરી તેમની સાથે લીલાવિહાર કરી તેમને સ્વરૂપાનંદનું દાન કરે છે. જ્ઞાનમાર્ગમાં આવું ફલદાન શક્ય નથી. ત્યાં તો જીવાત્માનો અક્ષરબ્રહ્મમાં સદા માટે લય જ હોય છે. આ સાયુજ્યમુક્તિ શ્રીભાગવતજીના અગિયારમાં સ્કન્ધનો વિષય છે. ત્યાં તેનું નિરૂપણ થયું છે અલૌકિક સામર્થ્યનું નિરૂપણ દશમ સ્કન્ધમાં નિરોધલીલામાં થયું છે. **(ક્રમશઃ)**

વલ્લભના વ્હાલા વલ્લભીય

સંકલન : વિમલભાઇ ભટ્ટ

પદ્મનાભદાસ કનોજિયા બ્રાહ્મણ કનોજના વાસી

અકે સમયે શ્રીમહાપ્રભુજી શ્રીગોકુળથી અડેલ જતા હતા. ત્યારે એક વેપારી ક્ષત્રી કેટલીક વસ્તુ લઇને સાથમાં નીકળ્યો. તે કનોજની આ તરફ રહ્યો. શ્રીમહાપ્રભુજી તો કનોજમાં પધાર્યા. વેપારી પાછળ રહ્યો. તેને ચોર ઘેરી વળ્યા, બધી વસ્તુ લૂંટી લીધી. શ્રીમહાપ્રભુજીએ પોતે રસોઇ કરી શ્રીઠાકુરજીને ભોગ સમર્પ્યો. એટલામાં જ પાછળથી વેપારી રડતો, કૂટતો આવ્યો. આવીને પૂછ્યું કે શ્રીમહાપ્રભુજી શું કરે છે? પદ્મનાભદાસે કહ્યું કે ભોજન કરતા હશે. વેપારીએ કહ્યું કે અમારો માલ બધા લુંટાઇ ગયો અને શ્રીમહાપ્રભુજી પોતે ભોજન કરે છે! પદ્મનાભદાસે મનમાં વિચાર્યું કે આ વાત શ્રીમહાપ્રભુજી સાંભળશે તો ભોજન નહીં કરે, તેથી આપ સાંભળે નહીં (એમ કરવું).

પદ્મનાભદાસ એ વેપારીનો હાથ પકડી બહાર લઇ આવ્યા. પૂછ્યું કે સાચું કહે, તારો કેટલો માલ ગયો છે? ત્યારે એ વેપારીએ બતાવ્યું. પછી એનો હાથ પકડી પદ્મનાભદાસ એક શાહની દુકાને લઇ ગયા. એ શાહે પદ્મનાભદાસનો બહુ આદર સત્કાર કર્યો. પછી શાહે કહ્યું કે આજ્ઞા કરો, કેમ પધાર્યા છો? પદ્મનાભદાસે શાહને કહ્યું કે આ વેપારીને આટલું દ્રવ્ય આપવું જોઇએ. આ દ્રવ્યનું ખતપત્ર વ્યાજ અમે લખી આપશું. ત્યારે એ શાહે કહ્યું કે પદ્મનાભદાસજી! તમારે જેટલું દ્રવ્ય જોઇએ તેટલું દ્રવ્ય લો. ખતપત્રનું શુ કામ છે? પદ્મનાભદાસે કહ્યું કે પહેલા તો ખતપત્ર લખીશ અને પછી દ્રવ્ય લઇશ. ખતપત્ર લખ્યા વગર તો હું લઇશ નહીં. શાહે કહ્યું કે તમારી ઇચ્છા. પદ્મનાભદાસે ખતપત્ર વ્યાજ લખી પોતાનો ધર્મ ગીરે લખી આપ્યો. વેપારી તો દ્રવ્ય લઇ પોતાને ઘેર ગયો. પછી પદ્મનાભદાસને શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું કે તું ક્યાં ગયો હતો? પદ્મનાભદાસે કહ્યું કે મહારાજ! એક કામ હતું ત્યાં ગયો હતો. તે શ્રીમહાપ્રભુજી પોતે તો ઇશ્વર છે. તે જ પળે વાત જાણી ગયા. પદ્મનાભદાસને શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે અમારે એ વેપારીની સાથે કોઇ સોદો હતો કે એનો માલ આપીએ? એ પાછળ રહ્યો તો અમે શું કરીએ? પણ તે ખોટું કર્યું. કર્જ લઇ પૈસા આપ્યા. પદ્મનાભદાસે કહ્યું કે મહારાજ! કર્જ તો કાલે ચુકવી દઇશ, એમાં તે શી વાત છે? એ વેપારી બૂમાબૂમ કરે અને રોજ ભોજન બે ઘડી મોડું કરે મારો તો સઘળો જન્મારો ફોગટ થઇ જાય. શ્રીમહાપ્રભુજી કહ્યું કે તે ધર્મ ગીરે લખી આપ્યો એ શુ? પદ્મનાભદાસે કહ્યું કે મહારાજ! એવું ગાઢ (કપરું) લખ્યા વિના અપાય નહીં. પછી શ્રીમહાપ્રભુજી પોતે તો અડેલ પધાર્યા. પછી પદ્મનાભદાસ એક રાજા હતો તેની પાસે ગયા. રાજાએ કહ્યું મને કૃપા કરીને કથા સંભળાવો. પદ્મનાભદાસે કહ્યું કે રાજા શ્રીભાગવત તો નહીં કહું, કહે તો મહાભારત સંભળાવું. રાજાએ કહ્યું કે ભલે, મહાભારત જ સંભળાવો. પછી મહાભારત કહેવા લાગ્યા. જ્યારે યુદ્ધનો પ્રસંગ આવ્યો ત્યારે બધાનાં હથિયાર હેઠાં મૂકાવ્યાં, પછી આગળ કહેવા લાગ્યા. તે કથામાં કંઇક (એવો) વીરરસ જામ્યો કે પરસ્પર લાત મુક્કાથી લડવા લાગ્યા. પછી કેટલાક દિવસે મહાભારત પૂરું થયું. ત્યારે રાજા ઘણી દક્ષિણા આપવા લાગ્યો. પદ્મનાભદાસે કહ્યું કે એટલું દ્રવ્ય નહીં લઉં. મારે માથે કર્જ છે તેટલું લઇશ. પછી પેલા શાહને જેટલી મૂળ (રકમ) તથા વ્યાજ આપવાનું હતું તેટલું દ્રવ્ય લીધું, બાકી બધું પાછું આપ્યું. આ પદ્મનાભદાસ આવા ભગવદીય હતા.

(વેપારીએ કહ્યું કે અમારો બધો માલ લુંટાઇ ગયો

અને આપ ભોજનમાં પધાર્યા છો! આમ કહ્યું તેનું કારણ એ કે આપ દયાળુ થઇને જીવને દુઃખી જાણીને ભોજન કેમ કરો છો? જે દયાળુ છે તે પારકાનું દુઃખ દૂર કરીને ભોજન કરે છે. શ્રીમહાપ્રભુજીએ કહ્યું (કે તે) કર્જ કરી વેપારીને દ્રવ્ય કેમ અપાવ્યું? કાંઇ અમે વીમો કર્યો હતો? પાછળ રહ્યો તેથી લુંટાઇ ગયો. તે ખોટું કર્યું તેનું કારણ એ કે ઋણ માથે લીધું. શરીરનો શો ભરોસો? દેહ છુટી જાય તો માથે ઋણ રહી જાય.

પદ્મનાભદાસે કહ્યું કે આ વેપારીનું રૂદન સાંભળી આપ બે ઘડી મોડુ ભોજન કરો તો મારો જન્મ ફોગટ જાય. (તેનો અભિપ્રાય) સેવકની સામે સ્વામીને કાંઇ શ્રમ થાય, સેવક શ્રમ દૂર ન કરે તો ધર્મ જાય. પછી ધિક્કાર એ સેવકને. એ જીવે એ ફોગટ છે. વળી કર્જની તે શી વાત છે? હમણાં ચૂકવી દઇશ. તેનુ કારણ એ કે કાળનું શું સામર્થ્ય છે? આપની કૃપાથી બાધક નહીં થાય. વળી ધર્મગીરે મૂક્યો એમાં એક ભાવ એ છે (કે) પોતાનો વૈદિક બ્રાહ્મણનો ધર્મ ગીરે મૂક્યો હશે, આ ગૌણ ભાવ છે. કેમકે શ્રીમહાપ્રભુજીની શરણે આવ્યા ત્યારે (બધું) સમર્પણ કર્યું. જો વૈદિક ધર્મ ન્યારો રહે તો પૂણ્યનું ફળ સ્વર્ગ ભોગવવું પડે. તેથી એમણે તો બધું સમર્પણ કરી એક પુષ્ટિ ભક્તિ રૂપી ધર્મ રાખ્યો છે. તેથી જ શ્રીમહાપ્રભુજીએ પણ પૂછયું કે આવો ધર્મ શાહને ત્યાં ગીરે મૂક્યો? પરંતુ પદ્મનાભદાસને શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ હૃદયારૂઢ હતું. હૃદયમાં બિરાજતું હતું. શ્રીમહાપ્રભુજીના સુખને માટે ધર્મની પણ અપેક્ષા (કામના-ઇચ્છા) રાખી નહીં, ગીરે મૂક્યો. વળી વેપારીને દ્રવ્ય આપી મનમાં ખૂબ પ્રસન્ન થયા. સારું થયું કે (વેપારી) અહીં આવ્યો. ચાલ્યો જાત તો જ્યાં ત્યાં દેશમાં નિંદા કરત કે હું શ્રીમહાપ્રભુજીના સંગાથમાં લુંટાઇ ગયો કેમકે લૌકિક રાજાના સંગાથમાં ન લુંટાય તો આવા ઇશ્વરના સંગાથમાં લુંટાઇ ગયો! તેથી પદ્મનાભદાસે કહ્યું, મારા ધર્મની પરીક્ષા માટે લુંટાયો એટલે વેપારીને દ્રવ્ય આપ્યું. હવે જ્યાં જશે ત્યાં શ્રીમહાપ્રભુજીની વડાઇ કરશે, મને નફા સાથે દ્રવ્ય આપ્યું. આ ભાવે પદ્મનાભદાસની શ્રીઆચાર્યજીમાં અવર્ણનીય પ્રીતિ છે.

વળી રાજા અધિક દ્રવ્ય આપવા લાગ્યો તે પોતે (પદ્મનાભદાસે) એટલા માટે ન લીધું કે એમનું અવ્યાવૃત્ત (વૃત્તિ ન કરવાનું) વ્રત છે. વૃત્તિ(આજીવિકા)માટે કથા ન કહેવી, એ સંકલ્પ છે. આ સર્વકામ શ્રીમહાપ્રભુજીના સુખ માટે કર્યું. શાહને રૂપિયા અપાવી ધર્મનો કાગળ લખ્યો હતો તે લઇ આવ્યા.)

પદ્મનાભદાસને ઘેર દીકરી કુમારી હતી, તેને માટે શ્રીમહાપ્રભુજીનો સેવક હોય તેવો વર જોઇતો હતો. એ માટે વૈષ્ણવોને પૂછવા લાગ્યા. વૈષ્ણવે કહ્યું કે એક વર શ્રીમહાપ્રભુજીનો સેવક છે, પણ સનોઢિયા બ્રાહ્મણ છે. તે પદ્મનાભદાસને સેવક સાંભળતાં જ લૌકિક વહેવારની તો સુધ ન આવી. વૈષ્ણવે કહ્યું કે ભલો વૈષ્ણવ છે, એને કન્યા આપો. પદ્મનાભદાસે કહ્યું, સારું. પછી પદ્મનાભદાસે એ વૈષ્ણવને કંકુ મંગાવી તિલક કર્યું અને કહ્યું કે મેં દીકરી તમને આપી દીધી, લગ્નનો દિવસ તમે પૂછો તે દિવસે લગ્ન કરું. લગ્ન નકકી કરી પ્રસન્ન થઇ પોતાને ઘેર આવ્યા. મોટી દીકરી એક તુલસાં હતી. તે લગ્ન થતાં વેંત વિધવા થઇ હતી. લૌકિક પતિનું મોં સરખું જોયું ન હતું. તે શ્રીમથુરાનાથજીની સેવામાં તત્પર હતી. તેને કહ્યું કે દીકરીનું લગ્ન અમુક વૈષ્ણવ સાથે નકકી કરી આવ્યો છું. તુલસાંએ કહ્યું કે એ તો સનોઢિયા બ્રાહ્મણ છે. આપણે કનોજીયા બ્રાહ્મણ છીએ. તેથી આમ કેમ થાય? પદ્મનાભદાસે કહ્યું કે હવે તો થયું તે થયું. તુલસાએ કહ્યું કે સગાઇ પાછી વાળો. પદ્મનાભદાસે કહ્યું કે છરી લાવ, અંગુઠો કાપ, જે અંગુઠાથી તિલક કર્યું છે. તુલસાંએ કહ્યું કે અંગુઠો કેમ કપાય? પદ્મનાભદાસે કહ્યું કે તો

સગાઇ પાછી કેમ વળાય? અંગુઠો કપાય તો સગાઇ પાછી વળે. પછી પદ્મનાભદાસે લગ્ન કરી દીધા. જાતિના બધા જખ મારી રહ્યા. વૈષ્ણવના કહ્યાનો આવો વિશ્વાસ, તેથી સગાઇ પાછી ન વાળી.

(જ્યારે તુલસાંએ કહ્યું કે અંગુઠો કેમ કપાય? ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે શ્રીમહાપ્રભુજીના સેવક પર તન મન ધન ન્યોછાવર થાય તો સગાઇ કેમ કરી પાછી વળાય? આ પ્રકારે તુલસાંને માર્ગનો અભિપ્રાય દેખાડયો.

તે દિવસથી તુલસાંનો પ્રેમ વૈષ્ણવોમાં પદ્મનાભદાસના સંગથી થયો. તેથી શ્રીઠાકુરજી તુલસાંને પણ અનુભવ જતાવવા લાગ્યા. પછી પ્રસન્ન થઇને વૈષ્ણવ સાથે પોતાની દીકરીનાં લગ્ન કરી દીધાં. આખી જાતિ જખ મારી રહી. તેનું કારણ એ છે કે જ્યાં સુધી દઢ સ્નેહ નથી ત્યાં સુધી લૌકિક-વૈદિકનો ડર છે. સ્નેહ પ્રભુમાં દઢ થાય પછી સઘળી ચિંતા મટે. લૌકિક-વૈદિક બાધ પણ ન કરી શકે. પદ્મનાભદાસ આવા એક વૈષ્ણવ થયા.)

વાર્તા સિદ્ધાન્ત :

(૧) પદ્મનાભદાસજીના આ વાર્તા પ્રસંગો આપણને સમજાવે છે શિષ્યનો ધર્મ છે કે ગુરૂને કોઇપણ શ્રમ ન થવા દે.
(૨) સેવકે હંમેશા સ્વામીની કીર્તિ ચોમેર ફેલાય તેવા કાર્યો જ કરવા જોઇએ.
(૩) સ્વામીના સુખાર્થે અન્ય સર્વ લૌકીક-અલૌકીક ધર્મને ગૌણ જાણવા.
(૪) શ્રીમહાપ્રભુજીના અનન્ય સેવકો પર તન, મન, ધન સર્વ કંઇ ન્યોછાવર કરવા માટે તત્પર રહેવું જોઇએ.

- નીચેના પ્રશ્નોના જવાબ શોધીને લખો અને પ્રસંગ હૃદયારૂઢ કરો.

(૧) વેપારીએ આવીને પદ્મનાભદાસજીને શું કહ્યું? શા માટે ?
(૨) પદ્મનાભદાસજીએ વેપારીના પ્રશ્નનું સમાધાન કેવી રીતે કર્યુ?
(૩) શ્રીમહાપ્રભુજીએ પદ્મનાભદાસજીને વેપારી બાબતની વાત જાણ્યા બાદ શું કહ્યું ?
(૪) પદ્મનાભદાસજીએ શું જવાબ આપ્યો?
(૫) પદ્મનાભદાસજીએ શાહને દ્રવ્ય કેવી રીતે ચુકવ્યું?
(૬) પદ્મનાભદાસજીએ વેપારીને શ્રીમહાપ્રભુજી સુધી ન પહોંચવા દીધો તેનું કારણ શું હતું?
(૭) રાજા અધિક દ્રવ્ય આપતો હતો તે પદ્મનાભદાસજીએ શા માટે ન લીધું?
(૮) પદ્મનાભદાસજીએ દીકરી સગાઇ કરી તો તુલસાએ શું કહ્યું? શા માટે?
(૯) પદ્મનાભદાસજીએ અંગુઠો કાપો તો સગાઇ ફેરુ ત્યારે તુલસાં એ કહ્યું અંગુઠો કેમ કપાય. તેનો અર્થ શું?
(૧૦) વાર્તા પ્રસંગો પરથી પ્રકટ થતો સિદ્ધાન્ત લખી મનન દ્વારા હૃદયારૂઢ કરો.

પુષ્ટિ પ્રશ્નોત્તરી

નિધિબેન દેપાણી - જુનાગઢ

૧૮. શ્રીનાથજીનું પ્રાકટ્ય થયું ત્યારે તેમનું નામ શું હતું?

ઉત્તર : શ્રીનાથજીનું પ્રાકટ્ય થયું ત્યારે તેમના ત્રણ નામ હતા. દેવદમન, ઇન્દ્રદમન અને નાગદમન

૧૯. શ્રીકૃષ્ણ એ કઇ ઋતુમાં વેણુગીત ગાયું?

ઉત્તર : શ્રીકૃષ્ણએ શરદ ઋતુમાં વેણુગીત ગાયું?

૨૦. પૃથ્વી ઉપર ગોવર્ધન પર્વતનું પ્રાકટ્ય કયાં થયું હતું

ઉત્તર : શાલ્મલી દ્વીપમાં દ્રોણગિરિ પર્વત પર ગોવર્ધન પર્વતનું પ્રાકટ્ય થયું હતું.

૨૧. નિધિ સ્વરૂપ કોને કહેવાય?

ઉત્તર : પોતાના સેવ્યસ્વરૂપને નિધિ સ્વરૂપ કહેવાય.

૨૨. શ્રીમહાપ્રભુજીએ પુરૂષોત્તમ સહસ્ત્રનામ સ્તોત્રની રચના કોના માટે કરી હતી અને તે શું છે?

ઉત્તર : શ્રીગોપીનાથજી માટે શ્રીમહાપ્રભુજીએ પુરૂષોત્તમ સહસ્ત્રનામ સ્તોત્રની રચના કરી. પુરૂષોત્તમ સહસ્ત્રનામ એ શ્રીમદ્ ભાગવતની અનુક્રમણીકા છે.

૨૩. શ્રીગુસાંઇજીના લાલના નામ જણાવો

ઉત્તર : શ્રીગુસાંઇજીને સાત લાલ છે. (૧) શ્રીગિરધરજી (૨) શ્રીગોવિંદરાયજી (૩) શ્રીબાલકૃષ્ણજી (૪) શ્રીગોકુલનાથજી (૫) શ્રીરઘુનાથજી (૬) શ્રીયદુનાથજી (૭) શ્રીઘનશ્યામજી

૨૪. શ્રીગોવર્ધનપૂજા ક્યારે કરવામાં આવે છે?

ઉત્તર : બેસતા વર્ષના દિવસે એટલે કે અન્નકૂટના દિવસે શ્રીગોવર્ધનપૂજા કરવામાં આવે છે.

૨૫. શ્રીગુસાંઇજીના કેટલા બેઠકજી છે?

ઉત્તર : શ્રીગુસાંઇજીના ૨૮ બેઠકજી છે.

૨૬. શ્રીગુસાંઇજીની સાથે ક્યા સેવક સદેહે નીત્યલીલામાં ગયા હતા?

ઉત્તર : શ્રીગુસાંઇજી સાથે શ્રીગોવિંદસ્વામી સદેહે નીત્યલીલામાં ગયાં હતાં.

૨૭. શ્રીગુસાંઇજીએ શ્રીનાથજીની સેવામાં કીર્તન કરવામાં કોને નીમ્યા હતા?

ઉત્તર : શ્રીગુસાંઇજીએ શ્રીનાથજીની સેવામાં કીર્તન કરવામાં અષ્ટછાપ કવિમંડળને નીમ્યા હતા.

૨૮. શ્રીગુસાંઇજીએ શ્રીમહાપ્રભુજીનો ક્યો અધુરો ગ્રન્થ પૂર્ણ કર્યો હતો?

ઉત્તર : શ્રીગુસાંઇજીએ શ્રીમહાપ્રભુજીનો શ્રીઅણુભાષ્ય ગ્રન્થ પૂર્ણ કર્યો હતો.

૨૯. પવિત્રુ કેટલા તારનું હોય છે?

ઉત્તર : પવિત્રુ ૩૬૦ તારનું હોય છે.

૩૦. ષોડશગ્રન્થમાં કેટલા ગ્રન્થ છે? ક્યાં ક્યાં?

ઉત્તર : ષોડશગ્રન્થમાં ૧૬ ગ્રન્થ છે. ૧.શ્રીયમુનાષ્ટકમ ૨. બાલબોધઃ ૩.સિદ્ધાન્તમુક્તાવલી ૪. પુષ્ટિમર્યાદાભેદઃ ૫. સિદ્ધાન્તરહસ્યમ્ ૬. નવરત્નમ્ ૭. અન્તઃકરણપ્રબોધઃ ૮. વિવેકધૈર્યાશ્રયઃ ૯. શ્રીકૃષ્ણાશ્રયસ્તોત્રમ્ ૧૦. ચતુઃશ્લોકી ૧૧. ભક્તિવર્ધિની ૧૨. જલભેદઃ ૧૩. પંચપદ્યાનિ ૧૪.સંન્યાસનિર્ણયઃ ૧૫. નિરોધલક્ષણમ્ ૧૬.સેવાફલમ્

૩૧. શ્રીનાથજીની છત ઉપર શું શું છે?

ઉત્તર : શ્રીનાથજીની છત ઉપર ધજાજી, સુદર્શન ચક્ર, સિંહ તથા કળશ છે.

૩૨. શ્રીનાથજીને ગિરિકંદરામાં સૌથી પહેલાં દૂધ પીવડાવવા કોણ જતું હતું?

ઉત્તર : શ્રીનાથજીને ગિરિકંદરામાં સૌથી પહેલાં દૂધ પીવડાવવા સદુપાંડેની પુત્રી નરો જતી હતી.

જાણો અને જીવો

શ્રીમદ્ ભાગવત

સંકલન : વિમલભાઈ ભટ્ટ

શ્રીભગવાનુવાચ

अहं भक्तपराधीनो ह्यस्वतन्त्र इव द्विज । साधुभिर्ग्रस्तहृदयो भक्तैर्भक्तजनप्रियः ।।
नाहमात्मानमाशासे मद्भक्तैः साधुभिर्विना । श्रियं चात्यन्तिकीं ब्रह्मन् येषां गतिरहं परा ।।
ये दारागारपुत्राप्तान् प्राणान् वित्तमिमं परम् । हित्वा मां शरणं याताः कथं तांस्त्यक्तुमुत्सहे ।।
मयि निर्बद्धहृदयाः साधवः समदर्शनाः । वशीकुर्वन्ति मां भक्त्या सत्स्त्रियः सत्पतिं यथा ।।
मत्सेवया प्रतीतं च सालोक्यादिचतुष्टयम् । नेच्छन्ति सेवया पूर्णाः कुतोऽन्यत् कालविद्रुतम् ।।
साधवो हृदयं मह्यं साधुनां हृदयं त्वहम् । मदन्यत् ते न जानन्ति नाहं तेभ्यो मनागपि ।।
(श्रीमद् भागवत ९/४/६३/६८)

શ્રીભગવાને કહ્યું હે બ્રાહ્મણ (દુર્વાસાજી) ! હું સર્વથા ભક્તોને આધીન છું! મારામાં જરા પણ સ્વતન્ત્રતા નથી. મારા સીધા-સાદા સરળ ભક્તોએ મારા હૃદયને પોતાના વશમાં કરી રાખ્યું છે. મારા ભક્તો મને પ્રેમ કરે છે અને હું તેમને પ્રેમ કરું છું. મારા ભક્તો મને પ્રેમ કરે છે અને હું તેમને પ્રેમ કરું છું. હે બ્રાહ્મન્ મારા ભક્તોનો એકમાત્ર આશ્રય હું જ છું, મારા સિવાય તેનો બીજો કોઇ આશ્રય નથી. એટલા માટે જ મારા સાધુ સ્વભાવ ભક્તોને છોડી હું ન તો મને પોતાને ચાહું છું કે ન તો મારા અર્ધાંગીની વિનાશ રહિત લક્ષ્મીને ચાહું છું. જે ભક્ત સ્ત્રી, પુત્ર, ગૃહ, ગુરૂજન, પ્રાણ, ધન, આ લોક અને પરલોક બધુ છોડી કેવલ મારા શરણમાં આવી ગયા છે એમને છોડવાનો વિચાર પણ હું કેમ કરી શકું? જેમ સતી સ્ત્રી પોતાના પતિવ્રત ધર્મથી સદાચારી પતિને વશમાં કરી લે છે એવી જ રીતે મારી સાથે પોતાના હૃદયને પ્રેમના બંધનથી બાંધી રાખવાવાળા સમદર્શી સાધુ ભક્તિ દ્વારા મને પોતાના વશમાં કરી લે છે. મારા અનન્ય પ્રેમી ભક્ત સેવાથી જ પોતાને પરિપૂર્ણ કૃતકૃત્ય માને છે. મારી સેવાના ફલ સ્વરૂપે જ્યારે તેને સાલોક્ય, સારુપ્ય આદિ મુક્તિઓ પ્રાપ્ત થાય છે, ત્યારે તે તેમનો પણ સ્વીકાર કરવા ઇચ્છતા નથી; તો પછી સમયના બદલાવ સાથે નષ્ટ થનારી વસ્તુઓની તો વાત જ શું કરવી? દુર્વાસાજી! હું આપને બીજુ તો શું કહું, મારા પ્રેમી ભક્ત તો મારું હૃદય છે અને એ પ્રેમી ભક્તોનું હૃદય હું સ્વયમ્ છું. એ મારા સિવાય બીજું કંઇ જાણતા નથી અને હું એમના સિવાય કંઇ જાણતો નથી.

ભગવદ્ પ્રાપ્તિ માટેનો સર્વોત્તમ માર્ગ હોય તો તે ભગવાનની નિષ્કામ ભક્તિનો માર્ગ છે. જીવ જે આનંદને સંસારના પદાર્થોમાં શોધી રહ્યો છે તે આનંદ કેવલ ને કેવલ ભગવાન સાથેના સંબંધથી જ પ્રાપ્ત થશે. આ સંબંધ બાંધવાનો સહજ અને સરલ માર્ગ એટલે **પુષ્ટિભક્તિમાર્ગ**. જે જીવ સર્વસમર્પણ પૂર્વક અનન્યતાથી પ્રભુ સાથે ભક્તિ દ્વારા નિષ્કામ ભાવથી કોઇપણ અપેક્ષા વગર જોડાય છે ત્યારે પ્રભુ આવા ભક્તને પોતાનું સર્વસ્વ માની તેને આધીન બને છે. શ્રીમહાપ્રભુજીએ આવા જ ભક્તિમાર્ગમાં પુષ્ટિજીવોનો પ્રભુને અંગીકાર કરાવ્યો છે. પુષ્ટિપુરૂષોત્તમને આપણા આધીન બનાવ્યા છે. એ આપણા ઘરમાં બિરાજતા પ્રભુની સ્નેહપૂર્વકની સેવા એ જ આપણું ધ્યેય હોવું જોઇએ. આપણો સર્વથી અધિક સુદૃઢ સ્નેહ તેની સાથે જ જોડાયેલો હોવો જોઇએ. આવા સ્નેહી ભક્ત માટે પ્રભુ કહે છે ''હું મારા આવા ભક્તને છોડવાનો વિચાર પણ કેવી રીતે કરુ?''

અનન્ય સ્નેહી ભક્તો વિશ્વાસ રાખજો એ પ્રભુ આપણને ક્યારેય નહી છોડે, નહી છોડે, નહી જ છોડે....

બાલવિભાગ

વૈષ્ણવબાલ હિતકારી સન્દેશ

ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી

પ્રિય વૈષ્ણવબાલ...

આપણી સંસ્કૃતિમાં એક સુંદર સૂક્તિ છે – **'આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્ ।'**
અર્થ : જે આપણને ન ગમે તે બીજા સાથે ન કરવું. એટલે કે જેવો વ્યવહાર કોઇ આપણી સાથે કરે અને આપણપે ગમે તે જ પ્રકારનો વ્યવહાર આપણે પણ અન્યો સાથે કરવો જોઇએ,

તેથી જ કહ્યું છે **'પરોપકારઃ પુણ્યાય, પાપાય પરપીડનમ્'** – કોઇનું ભલું કરવું તે પુણ્ય છે અને કોઇને પીડા આપવી તે પાપ.

તેથી જ્યારે પણ અવસર આવે ત્યારે સમાજ માટે હિતકારી કાર્યો કરવા જોઇએ. આપણો સ્વભાવ એવો બનાવીએ કે આપણામાં સહયોગની ભાવના સાહજિક જ હોય. ક્યારેક સામૂહિક રૂપે કે સંસ્થાઓના માધ્યમથી પણ સમાજના વિવિધ વર્ગોનું હિત થાય તેવા કાર્યોમાં અવશ્ય સહયોગી થવું.

દુર્જનો પણ આ જગત્માં છે તો ખરા જ. તેથી એ પણ સાવધાની રાખવાની છે કે આપણે સજ્જનોના સંગમાં રહીને સદ્વિચારવાન્ થઇએ તેમ જ સજ્જનોનું હિત થાય અને સંસ્કૃતિનું જતન થાય તે રીતે કાર્ય કરીએ.

સર્વહિતકારી ન્યાયપૂર્ણ કર્મોને ભગવદ્ અર્પણ બુદ્ધિથી કરવાથી આપણા પ્રત્યેક કર્મ તેજસ્વી બને છે. આવા કર્મોથી જ આપણું વ્યક્તિત્વ શોભાયમાન્ થાય છે. તેથી વૃક્ષારોપણ, જલસંચય, સ્વચ્છતા, વ્યસનમુક્તિ, ગોસેવા, સ્વવાવલંબન વગેરે અભિગમોને સહજ જીવન બનાવીએ અને પ્રસંગાનુરૂપ સમાજમાં આ વિચારોને પ્રતિષ્ઠિત કરવામાં સહભાગી બનીએ. શુભં ભવતુ, શ્રીવલ્લભો જયતિ.

બાલમિત્રો નીચેના કીર્તનમાં ખૂટતા યોગ્ય શબ્દો નીચે આપેલ કૌંસમાંથી મૂકી કીર્તન પૂર્ણ કરો અને મુખપાઠ કરો.

(રસિકન, અસત્સંગ, ભક્તિ, સુબોધિની, અષ્ટાક્ષર, ઘનશ્યામ, ગોવિંદ, કૃષ્ણમુખ, વલ્લભ, પરમાનંદ, શ્રીવિઠ્ઠલ, રઘુ, વલ્લભવચનામૃત, શ્રવણકીર્તન, નંદયશોમતિસુત, અન્યાશ્રય, શ્રીયમુનાજી, અસદ્આલાપ, શ્રીવલ્લભતે, વ્રજધામ, અસમર્પિત)

ભોર હી .... વલ્લભ કહિયે ।
આનંદ, ..., ..., સુમર સુમર આઠોં સિદ્ધિ પૈયે ॥૧॥
અરુ સુમરો .... ગિરિધર .... દ્વિજવરભૂપ ।
બાલકૃષ્ણ ગોકુલ ....યદુપતિ નવ ....સ્વરૂપ ॥૨॥
પઢો સાર .... જપો .... નિત ધરી નેમ ।
અન્ય .... તજિ નિસદિન સુનો ....જીય ધરી પ્રેમ ॥૩॥
સેવો સદા .... પ્રેમ સહિત .... જીય જાન ।
.............., ... લેનો ...., ... હાન ॥૪॥
નયનન નિરખોં .... ઔર સુખદ .... ।
યહ સંપત્તિ .... પૈયે .... કો નહિ ઔરસોં કામ ॥૫॥



બાલવિભાગ

» ગત માસ સપ્ટેમ્બરનાં ઉત્તરો

» ૮૪ વૈષ્ણવ વાર્તા પ્રસંગોના આધારે નીચે આપેલા વૈષ્ણવ માથે શ્રીમહાપ્રભુજીએ કયા સેવ્ય સ્વરૂપ સેવા માટે પધરાવી આપેલા તે શોધો.

વૈષ્ણવનું નામ	સેવ્યસ્વરૂપ	વૈષ્ણવનું નામ	સેવ્યસ્વરૂપ
(૧) દિનકરદાસ-મુકુંદદાસ	- શ્રીમહાપ્રભુજીના હસ્તાક્ષર	(૯) આનંદદાસ	- શ્રીનવનીતપ્રિયજીનું પ્રસાદી વસ્ત્ર
(૨) પ્રભુદાસ જલોટા	- શ્રીમદનમોહનજી	(૧૦) ભગવાનદાસ સાંચોરા	- શ્રીમહાપ્રભુજીના હસ્તાક્ષર
(૩) પુરૂષોત્તમદાસ સ્ત્રીપુરૂષ	- શ્રીબાલકૃષ્ણજી	(૧૧) અચ્યુતદાસ સારસ્વત	- શ્રીમહાપ્રભુજીની પાદુકા
(૪) પ્રભુદાસ ભાટ	- શ્રીબાલકૃષ્ણજી	(૧૨) રામદાસ મેવાડા	- શ્રીનવનીતપ્રિયજીનું પ્રસાદી વસ્ત્ર
(૫) માધવભટ્ટ કાશ્મીરી	- શ્રીબાલકૃષ્ણજી	(૧૩) ગોવિંદ દૂબે	- શ્રીબાલકૃષ્ણજી
(૬) રામદાસ સાંચોરા	- શ્રીનટુવા ગોપાલ	(૧૪) એક ક્ષત્રાણી પ્રયાગના	- શ્રીનવનીતપ્રિયજી
(૭) રાણા વ્યાસ	- શ્રીબાલકૃષ્ણજી	(૧૫) વીરબાઇ	- શ્રીનવનીતપ્રિયજી
(૮) જગન્નાથ જોષી	- શ્રીબાલકૃષ્ણજી		

» ગત માસ સપ્ટેમ્બરનાં ઉત્તરો

પાના નં. ૨૦ કીર્તન પૂર્ણ કરો - ઉત્તર

યહ માંગો **ગોપીજનવલ્લભ**
માનુષ જન્મ ઔર **હરિ** સેવા, **બ્રજ** વસવો દીજૈ મોહિ સુલ્લભ ।।૧।।
વલ્લભકુલ કો હોહું ચેરો **વૈષ્ણવજન** કો દાસ કહાઉ ।
યમુના નિત્યપ્રતિ ન્હાઉં **મનક્રમવચ** કૃષ્ણગુણ ગાઉ ।।૨।।
શ્રીભાગવત શ્રવણ સુનૂં નિત ઇન તજ **ચિત** કહૂં અનત ન લાઉં
પરમાનંદદાસ યહ માંગત નિત **નિરખોં** કબહું ન અઘાઉં ।।૩।।

પુષ્ટિ જ્ઞાનવૃદ્ધિ

બાલમુકુંદભાઇ-જૂનાગઢ

શ્રીઆચાર્યજીની કૃપા પામેલ વૈષ્ણવ

હવે, આપણે જગતાનંદનો શ્રીમહાપ્રભુજીએ દૈવી જીવ જાણી સામેથી અંગીકાર કર્યો. તે વિશે વિસ્તૃત સમજીએ.

જગતાનંદ થાનેશ્વરમાં એક બ્રાહ્મણને ઘર જન્મ્યા અને બાર વર્ષની ઉંમરે કાશીમાં જઇ બાર વર્ષ કાશીમાં રહી શ્રીભાગવતની વિદ્યા ભણ્યા. પછી થાનેશ્વર આવી સરસ્વતી નદીના કિનારે બેસી શ્રીભાગવતની કથા કહીને જીવન ગુજરાન ચલાવતા.

એક સમય શ્રીમહાપ્રભુજી થાનેશ્વર પધાર્યા અને સરસ્વતી નદીના કાંઠે બિરાજી પ્રાતઃકાલની સંધ્યા કરી એવામાં જગતાનંદજીએ આવી સરસ્વતીમાં નાહીને શ્રીભાગવતની કથા કરવા લાગ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ મનમાં વિચાર્યું કે આ જગતાનંદ તો દૈવી જીવ છે. તો તેનો અંગીકાર કરૂં. આમ, વિચારી શ્રીઆચાર્યજી જગતાનંદની સામે આવીને બિરાજ્યા ત્યારે જગતાનંદે વિચાર્યુ કે કોઇ પંડિત બ્રાહ્મણ છે. ત્યારે જગતાનંદે એક શ્લોક શ્રીભાગવતનો કહ્યો અને શ્લોક હતો વેણુગીતનો ‘પ્રાયો બતામ્બ વિહગા....’ આ શ્લોક પૂરો કરી પછી તેનો અર્થ જગતાનંદે કર્યો. અને પછી શ્રીઆચાર્યજીને પુછ્યુ કે આ શ્લોકનો અર્થ આમ જ થાય છે કે બીજો કોઇ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું આ શ્લોકમાં તો અનેક ભાવ રહેલો છે અને તેનો અર્થ તો ખૂબ જ મોટો છે. તમને વધારે આવડતો હોય તો કહો. ત્યારે જગતાનંદજીએ કહ્યું મહારાજ ! મને તો માત્ર શ્લોકનો અર્થ આવડતો હતો એટલો મે કહ્યો વધારે આપ કહો, ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે વ્યાસ પીઠ પર તમે બેઠા છો તો વ્યાસપીઠનું અપમાન અમે કેમ કરીએ? ત્યારે વ્યાસપીઠ પરથી જગતાનંદ ઊભા થઇ ગયા અને શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી કે આપ બિરાજીને શ્લોકનો ભાવાર્થ કરો મને સાંભળવાની ખૂબજ ઇચ્છા છે. ત્યારે આપશ્રીએ આ શ્લોકનો સુબોધિનીનો અર્થ કહેવા લાગ્યા. શ્લોકનો અર્થ કરતા કરતા સવારથી ત્રીજો પહોર થયો. ત્યારે શ્રીઆચાર્યજી કહે આ શ્લોકનો અર્થ તો બે-ત્રણ મહિના સુધી ચાલશે. તુ ભૂખ્યો થયો હોઇશ તો ઉઠીને ખાન પાન કરો. ત્યારે જગતાનંદને થયુ કે આ તો કોઇ સાક્ષાત્ ઇશ્વર છે. તરત જ જગતાનંદે દંડવત્ કરી વિનંતી કરી મહારાજ ! આપ તો સાક્ષાત્ પુરૂષોત્તમ છો આપ ઇચ્છો એટલા દિવસ આપ આ શ્લોકનો અર્થ કરી શકો છો. આપ મારા ઘરે પધારો. શ્રીઆચાર્યજીએ કહ્યું કે હું મારા સેવક સિવાય કોઇના ઘરે નથી પધારતો તેથી જગતાનંદે વિનંતી કરી મહારાજ ! મને આપનો સેવક કરો ત્યારે આપશ્રી આજ્ઞા કરી કે સરસ્વતીમાં સ્નાન કરીને આવો. ત્યારે જગતાનંદ સરસ્વતીમાં સ્નાન કરીને અપરસમાં આપશ્રીની સન્મુખ ઊભા રહ્યા અને શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસમ્બન્ધ દાન આપી જગતાનંદને શરણે લીધા.

આમ, શ્રીઆચાર્ય ચરણે સામેથી કૃપા કરીને જગતાનંદને શરણે લીધા.

શ્રીવલ્લભાધીશ કી જય

પુષ્ટિ સિદ્ધાન્ત

સંકલન : ભાલોડીયા નિધિબેન, ઉપલેટા

સેવાનો સાચો સિદ્ધાન્ત તત્સુખનો

શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે કે સ્વામીનું સુખ વિચારીને સેવા કરવી એ દાસનું કર્તવ્ય છે. જે સહજતાથી, આનંદથી થવું જોઇએ. પોતે અતિ પરિશ્રમ લઇને ન કરવું કે બીજા પાસે પણ અતિપરિશ્રમ લઇને ન કરાવવું. કેમ કે, મારા સ્વામીનો સ્વભાવ બહુ જ કોમળ છે. જો તેના સેવકને સેવા કરતા પરિશ્રમ પડે અને સ્નેહથી, આનંદથી સેવા ન કરે તો સ્વામીને દુઃખ પહોંચે છે. આમ, સેવામાં દરેક વાતનો સરખી રીતે વિચાર કરીને જેમાં સ્વામીની પ્રસન્નતા થાય તેનો ખ્યાલ રાખીને સેવા કરવી જોઇએ.

સંપ્રદાયમાં સેવા બહુ જ નાજુક શબ્દ છે. વૈષ્ણવે કેવું આચરણ કરવું? પોતાના ઘરમાં શ્રીઠાકોરજીનું સુખ વિચારી અપરસનો પ્રકાર, સેવાનો પ્રકાર કેવી રીતે ગોઠવવો? વગેરે વિવેકપૂર્વક સેવા ન છુટે, અહંકાર ન આવે, સેવકને કે ઘરના ને કે અન્ય કોઇને ત્રાસ રૂપ સેવાકર્તા કે તેની ક્રિયા ન થઇ જાય તે વિચાર કરવો જોઇએ.

તત્સુખના વિચારની જે બારીકી આપણે ત્યાં વિચારવામાં આવી હતી તેવી બારીકી મર્યાદામાર્ગીય પૂજા પ્રણાલીમાં રાખવામાં નથી આવી. જેમ કે આપણે બદ્રિનાથજીનાં સવારમાં દર્શન કરીએ તો ભયાનક ઠંડી પડતી હોય, આપણું શરીર ધ્રુજતુ હોય અને સામે દર્શન કરીએ તો ઠંડા બરફ જેવા જલથી બદ્રિનાથજીને સ્નાન થતું હોય પ્રભુના સામર્થ્ય અને સ્વરૂપનો વિચાર કરીએ તો તેમાં કોઇ વિશેષ વાત નથી. પણ, આપણે જ્યારે આટલા ઠંડા જલથી પ્રભુને સ્નાન કરાવીએ તો તેમાં પૂજનનો ભાવ તો આપણામાં છે પણ તત્સુખનો વિચાર નથી. આપણે ત્યાં સેવા શ્રીઠાકોરજીના સુખનો વિચાર કરવામાં આવ્યો છે આપણને જે ઋતુપરિવર્તન વગેરેનો અનુભવ થઇ રહ્યો છે. તેવી રીતે આપણે શ્રીઠાકોરજી માટે પણ અનુભવી શકીએ કે મારા શ્રીઠાકોરજીને ઠંડી લાગી રહી છે, ગરમી લાગી રહી છે આ શૃંગાર ધરાવું તો સુખરૂપ થશે, આવો શૃંગાર દુઃખદાયક થશે, આ પ્રકારનો રાગ પ્રભુને સુખદ લાગશે, આ પ્રકારની સામગ્રી સુખદ થશે. આ બધો વિચાર શ્રીગુસાંઇજીએ કર્યો છે અને તેનો વિસ્તાર કર્યો છે.

ઉષ્ણકાલમાં આપણે માટીની મથનીમાં જલ ભરીને તેમાંથી શ્રીઠાકોરજીના ઝારીજી ભરીએ છીએ. જલની બાબતમાં આપણે ત્યાં એક સૂક્ષ્મતા વિચારાયેલી છે. ઉષ્ણકાલમાં આપણે ત્યાં મથનીમાં ખસને મલમલની પોટલીમાં બાંધીને પધરાવવામાં આવે છે. તેનાથી જલની અંદર ખસનું રૂછડું પણ ન પડે અને તેની સુગંધ અને ઠંડક પણ આવે તેના સિવાય ગુલાબજલ પણ મથનીમાં પધરાવી શકાય છે. પરંતુ શીતકાલમાં માટીની મથનીની જગ્યાએ ધાતુના વાસણમાં (હાંડા કે ગાગરમાં) જલ ભરવામાં આવે છે. આનું મૂલ કારણ એ છે કે શીતકાલમાં જલ એટલું ઠંડુ ન હોવું જોઇએ કે શ્રીઠાકોરજીને આરોગાવામાં સુખકારી ન રહી જાય. તેવી જ રીતે શીતકાલમાં આપણે શ્રીઠાકોરજીના શ્રીઅંગને સ્પર્શ કરીએ ત્યારે આપણા હાથ ઠંડા હોય તો હાથને તપાવી અને પછી પ્રભુને સ્પર્શ કરીએ છીએ કે જેથી પ્રભુને સુખદ લાગે. તેમજ ઉષ્ણકાલમાં ઝારીજી નેવરો ભીનો રાખવામાં આવે છે. કેમકે ભીનો રાખવાથી નેવરાને હવા લાગવાથી ઝારીજીને ઠંડક મળે અને તેના લીધે તેમાં ભરેલું જલ પણ ઠંડુ રહે. પરંતુ શીતકાલમાં ઝારીજીનો નેવરો સૂકેલો રાખવાનો આગ્રહ રાખવામાં આવે છે ઝારીજી ભરતી વખતે અસાવધાનીને લીધે નેવરો ભીનો થઇ જતો હોય છે તેથી શીતકાલમાં ભીના ઝારીજી પકડવા શ્રીઠાકોરજીને સુખદ નથી લાગતા. તેથી નેવરાની ઉપર એક બીજુ મોટું વસ્ત્ર ઢાંકવામાં આવે છે.

ઉષ્ણકાલમાં વધારે ગરમી હોય છે. તેથી પ્રભુને મલમલના હલ્કા રંગના વસ્ત્રો અને મોતીના તથા છીપના આભરણ ધરાવવામાં આવે છે. ખસના પંખા, ખસના બંગલા, ખસના ટેરા, જલના ફુંવારા, ગુલાબજલનો છીટકાવ, ચંદન ધરવું, તેમજ થાલમાં જલ ભરી શ્રીયમુનાજીની ભાવના કરવામાં આવે છે તેવી જ રીતે શીતકાલમાં પ્રભુને ગદલ-ફલગુલ (રૂ ભરેલા વસ્ત્રો) ધરાવવામાં આવે છે. ઝરીના વસ્ત્રો અને ભારે શૃંગાર પ્રભુને ધરાવવામાં આવે છે. વધારે ઠંડી હોય ત્યારે પ્રભુ સમ્મુખ અંગીઠી રાખવામાં આવે છે. શ્રીઠાકોરજીના માટે અત્તર ખરીદવાની બાબતમાં આપણે

ત્યાં એવી વ્યવસ્થા છે કે અત્તર શ્રીઠાકોરજીને લાયક છે કે નહી તેની પરીક્ષા માટે જો તેને સૂંઘવું પડે તો તેનાથી અત્તર કાંઇ અર્ધભુક્ત નથી થઇ જતું. શ્રીઠાકોરજીના સુખનો વિચારથી જ તેની ઉત્તમતાનો નિર્ણય કરીને પછી શ્રીઠાકોરજીને સમર્પણ કરીએ છીએ. તેમજ જે ઋતુમાં જે ફુલોની માલા પ્રભુને ધરાવવામાં આવે છે. તે ફુલોનાં અત્તર પણ શ્રીઠાકોરજીને ઋતુ અનુસાર સમર્પવામાં આવે છે. ફુલોની માલાની બાબતમાં પણ વિચાર કરીએ તો ફુલોની માલામાં આપણા પુષ્ટિમાર્ગની માલા જુદી જ દેખાશે...! આપણે ત્યાં માલાની વિશેષતા એ છે કે આપણે માલામાં ફુલ તો ગોઠવીએ છીએ પણ ફુલોના ડંઠુલ નથી રાખતા પ્રભુને ઉત્તમનું જ સમર્પણ કરવું જોઇએ. એવા વિચારથી માલામાં માત્ર ફુલ જ રાખવામાં આવે છે. આપણને જે ઋતુમાં જે રાગ જે સમયે ગાવો સારો લાગે છે તે રાગને તે ઋતુમાં તે સમયે ગાઇને આપણે પ્રભુની સેવા કરીએ છીએ. જે રાગ આપણને જાગતી વખતે સારો લાગે છે. તે રાગમાં પદ ગાઇને આપણે શ્રીઠાકોરજીને નિદ્રામાંથી તન્દ્રામાં લાવવાની પ્રક્રિયા બતાવવામાં આવી છે. આ પ્રક્રિયા મુજબ આપણે નિત્યક્રમમાં શ્રીઠાકોરજીને જગાવતા પહેલા શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, શ્રીયમુનાજી વગેરેના પદ ગણગણાવીએ છીએ અને જગાવતી વખતે આપણે જગાવવાના પદ ગાતા હોઇએ છીએ.

શ્રીગુસાંઇજીએ જે વિચાર્યુ હતુ તે તો પ્રભુની પુષ્ટિનું પરમ રહસ્ય હતુ. સોહાતા વસ્ત્ર, સોહાતો ભોગ, સોહાતા શૃંગાર, સોહાતો રાગ, સોહાતો સમય પ્રભુની સેવામાં બધી વસ્તુઓ સોહાતી સમર્પો. આ જે શ્રીગુસાંઇજીએ વિચાર કર્યો હતો તે તો પુષ્ટિની વાત હતી. પણ આજે તે ઋતુઓ બધી બદલાઇ રહી છે. હવે આપણે સોહાતાનો તો વિચાર કરીએ છીએ પણ ઋતુનો વિચાર નથી કરતા પુસ્તકમાં લખેલું છે કે આજના દિવસે આમ છે એટલે તેમ જ કરવું. દા.ત. શીયાળાના દિવસો હોય, રીતમાં લખાણ મુજબ આપણે શ્રીઠાકોરજીને ગદલ, ફરગુલ, રજાઇ, આત્મસુખ, અંગીઠી, સોહાગસુંઠ સમર્પવા માંડીએ પણ જો ઠંડી ઓછી હોય અથવા ગરમીનું વાતાવરણ હોય તો તેમાં પ્રભુનું સુખ વિચારી ફેરફાર કરવો જોઇએ. પ્રભુની સેવા કરતી વખતે ઋતુને અનુસાર કેવો ઉપચાર પ્રભુને સુખરૂપ થશે અને કેવો સુખરૂપ નહી થાય તે આપણે કોઇ પુસ્તક વાંચીને સમજી નથી શકતા. સેવ્યને થતાં પરિશ્રમ અને સુખના જ્ઞાનમાં કોઇ લેખિત બંધારણ કામ નથી આવતુ. પુસ્તક વાંચવાથી આ પ્રકારનું જ્ઞાન નથી થઇ શકતું. આ સમજણ તો આપણા હૃદયમાં સ્નેહ હોય તો જ આવી શકે છે. સ્નેહ એવી વસ્તુ છે કે તે ન તો પુરૂ અજ્ઞાન છે અને ન તો પુરૂ જ્ઞાનની અપેક્ષા રાખે છે. જ્ઞાન અને અજ્ઞાન બંનેથી અતીત કોઇ મનોભાવ 'સ્નેહ' છે. સ્નેહ ભક્તિમાં એ સામાર્થ્ય છે. કે તે પરમાત્માનું રૂપ ઘડી શકે છે. ડોકરીના ભાવને વશ થઇને શ્રીઠાકોરજી બાલકૃષ્ણજી માંથી મદનમોહનજી બની ગયા. ડોકરીને પરા ગતિ પ્રાપ્ત થઇ ગઇ કેમ? કેમ કે ડોકરી શ્રીઠાકોરજીને ઘડવામાં ભક્તિમાર્ગી કુશળ કલાકાર હતી. પરમાત્મા પણ કલાકાર છે કે જે આપણને બધાને ઘડી રહ્યા છે. પણ તે પરમાત્માને ઘડવાની કલાનું નામ 'ભક્તિમાર્ગ' છે.

કોઇ જ્ઞાનીને એવો અનુભવ ક્યારે નહી થાય કે આજે મારા શ્રીઠાકોરજીને ઠંડી લાગી રહી છે. કોઇક એવો ઉપાય કરૂં કે પ્રભુને ઠંડી ન લાગે. જ્ઞાનીને એવો ભાવ નથી થઇ શક્તો કે આજે શ્રીઠાકોરજીને ગરમી લાગી રહી છે કોઇક એવો ઉપાય કરૂ કે જેથી ગરમી ન લાગે. જ્ઞાની વરસાદની મોસમમાં આવું નથી વિચારી શક્તો કે જેમ આપણે વરસાદની મજા લઇએ છીએ તેવી રીતે શ્રીઠાકોરજીને પણ વરસાદની મજા લેવડાવીએ.

જીવનની આપણી પ્રણાલીની સાથે આપણા સેવ્ય શ્રીઠાકોરજીને જોડવાનો પ્રકાર પુષ્ટિમાર્ગ શીખવાડે છે. વરસાદ પડી રહ્યો છે. વરસાદના કારણે આપણા જીવન પ્રણાલીમાં જે અંતર આવી રહ્યું છે. તેને આપણે શ્રીઠાકોરજીની સાથે મજા લઇએ. એવી જ રીતે ઠંડી (શીતકાલ), વસંત અને ગરમીની પણ આપણે આપણા પ્રભુની સાથે મજા લઇએ. આ રીતે આપણા પ્રભુની સાથે ઋતુનો આનંદ લેવો એ એક ભાવ છે. પણ પ્રભુની સાથે ઋતુનો આનંદ જ ન લેતા રહીએ પણ ઋતુને અનુસાર પ્રભુની સેવાને સુખદ પણ બનાવીએ.

શ્રીગોકુલનાથજીના વચનામૃતોમાં એક સુંદર વાત આવે છે. પ્રબોધિનીનું જાગરણ હતું ત્યારે શ્રીગોકુલનાથજી કીર્તન કરવા બિરાજ્યા.

ભગવાનની ભક્તિ

બચુભાઈ ડોબરીયા - મોટા ગુંદાળા

શ્રીમહાપ્રભુજી ચતુઃશ્લોકી ગ્રન્થમાં બતાવે છે કે આપણા હૃદયમાં અનંત મહત્ત્વકાંક્ષાઓ રહેલી છે જેને શાસ્ત્રો ચાર વર્ગમાં વર્ગીકૃત કરે છે તે ચાર વર્ગ છે ધર્મ-અર્થ-કામ અને મોક્ષ. આ જ પ્રમાણે ગીતાજીમાં ભગવાન ભક્તનું વર્ણન કરતા ચાર પ્રકારના ભક્તોનું નિરૂપણ કરે છે તે દ્વારા પ્રભુ ચાર પ્રકારના પુરૂષાર્થની વાત કરે છે જે ભક્ત ભક્તિ કરી રહ્યા છે તેમને પૂછવામાં આવે તો તેઓ જરૂર કહી શકે કે ભક્તિ કરતાં તેમના મનમાં કેવા પ્રકારનો સંકલ્પ રહેલો છે જો કોઇ ભક્તના મનમાં કોઇને કોઇ પ્રકારે કામના તેમને પીડા કરતી હોય તો તે કામનાથી ભક્ત આર્ત બને છે અર્થાત દુઃખી બને છે કારણ કે તેની તે કામના પૂર્ણ થતી નથી તેથી ભક્ત પોતાની કામનાપૂર્તિ માટે ભગવાનની ભક્તિ કરે છે જો તેની તે કામના પૂર્ણ થઇ જાય તો બીજા દિવસથી જ પૂર્તિ માટે ભગવાનની ભક્તિ કરે છે જો તેની કામના પૂર્ણ થઇ જાય તો બીજા દિવસથી જ તે ભગવાનને યાદ કરતો નથી આવા ભક્તને ભગવાન આર્ત ભક્ત કહે છે.

હવે એક બીજો ભક્ત છે જે જિજ્ઞાસુ છે તે પણ ભગવાનનું ભજન કરે છે તેને પૂછવામાં આવે કે તે શા માટે ભગવાનનું ભજન કરે છે? તો તે કહેશે કે મને ભગવાનને જાણવાની જિજ્ઞાસા છે તેથી હું ભગવાનનું ભજન કરૂ છું. જો તેને ભગવાનનું જ્ઞાન પ્રાપ્ત થઇ જાય તો તે ભગવાનનું ભજન કરશે નહીં જ્ઞાન પ્રાપ્ત થતા જ તેને જે રહસ્ય જાણવું હતું તે પ્રાપ્ત થઇ ગયું બ્રહ્મત્વનો અનુભવ થઇ ગયો હવે તેને ભજનની આવશ્યકતા રહેતી નથી આવો જિજ્ઞાસુ ભક્ત જ્ઞાન પ્રાપ્તિ માટે ભક્તિ કરી રહ્યો છે તેને જ્ઞાનનો આનંદ લેવો છે તેથી તે મુક્ત થવા માટે ભક્તિ કરે છે.

ત્રીજા પ્રકારનો ભક્ત અર્થાર્થી છે તે અર્થ પ્રાપ્તિ માટે ભગવાનની ભક્તિ કરે છે.

હવે ચોથો ભક્ત જ્ઞાની છે તે પરમાત્માની ભક્તિ કોઇ કામનાની પૂર્તિ માટે કરતો નથી કેવળ પોતનો સ્વધર્મ સમજીને પરમાત્માની ભક્તિ કરે છે ભગવાનની ભક્તિ એ મારો સ્વધર્મ છે એમ સમજીને ભક્તિ કરવામાં આવે ત્યારે તેવી ભક્તિ કરનાર ભક્ત જ્ઞાની ભક્ત કહેવાય છે ભગવાન આવા ભક્તને જ્ઞાની કહે છે બીજા કોઇને જ્ઞાની કહેતા નથી.

આમ આપણે જોઇ ગયા કે આર્ત ભક્ત કામ પુરૂષાર્થ માટે ભક્તિ કરે છે જિજ્ઞાસુ ભક્ત મોક્ષ પુરૂષાર્થ માટે ભક્તિ કરે છે અર્થાથી ભક્ત અર્થ-પુરૂષાર્થ માટે ભક્તિ કરે છે જ્યારે જ્ઞાની ભક્ત ધર્મ પુરૂષાર્થ માટે ભક્તિ કરે છે જ્ઞાની ભક્ત માટે ભગવાન નિત્ય યુક્ત એવું વિશેષણ વાપરે છે નિત્યયુક્ત એટલે જે કામચલાઉ ભક્તિ કરતો નથી પણ સદૈવ ભક્તિ માટે જ ભક્તિ કરી રહ્યો છે જે અર્થ, કામ કે મોક્ષ માટે ભક્તિ કરતો નથી પરંતુ ધર્મ માટે ભક્તિ કરી રહ્યો છે માટે શ્રીમહાપ્રભુજી પણ આપણને આજ વાત સમજાવે છે કે આપણો ધર્મ ભક્તિ કરવાનો છે માટે આપણે પ્રભુની ભક્તિ કરીએ, કશું લેવા માટે ભગવાનની ભક્તિ ન કરીએ. આપણે શ્રીમહાપ્રભુજીએ બતાવેલા માર્ગે ચાલીએ અને તેમના શરણમાં રહીએ.

આપણા આવનારા ઉત્સવો

સંકલન - વિમલભાઈ ભટ્ટ

આસો સુદ ૧૩ - શ્રીરઘુનાથલાલજી મહારાજશ્રીનો ઉત્સવ તા. ૩/૧૦/૨૦૧૭

શ્રીરઘુનાથલાલજી તાતજી મહારાજશ્રીનું પ્રાકટ્ય વિ.સં.૧૯૫૨માં આસો સુદ ૧૩ના દિવસે થયું હતું. આપશ્રીના વિવાહ કાંકરોલી મુકામે શ્રીજાનકીજી સાથે થયા હતા. આપશ્રીને ત્યાં એક બેટીજી શ્રીસુંદરપ્રિયા બેટીજી તથા બે લાલન શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી તેમજ શ્રીવ્રજભુષણલાલજી મહારાજશ્રીનુ પ્રાકટ્ય થયું હતું. શ્રીમહારાજશ્રીનું વ્યક્તિત્વ અતિશય પ્રભાવશાલી હતુ અને મુખારવિંદ સદાય હાસ્યરસથી છલકાયેલું રહેતું. આપશ્રીની દૃષ્ટિમાં કરૂણા ભરેલી હતી. જેના તરફ કૃપાદૃષ્ટિ કરે, તે એમજ માને કે 'હું કૃતાર્થ થયો' આપશ્રી શ્રીઠાકોરજીના શૃંગાર ખૂબજ સુંદર કરતા. સ્વભાવે શરમાળ તેમજ મીતભાષી હતા. છતાં આપશ્રીનું વક્તવ્ય, અપાર અર્થગાંભીર્ય તેમજ સિદ્ધાન્તોથી ભરેલું રહેતું આપશ્રીને વૈષ્ણવો પર અત્યન્ત સ્નેહ હતો.

શ્રીમહારાજશ્રીને સેવાક્રમનો વિશેષ આગ્રહ હતો. આપશ્રીએ શ્રીમથુરાનાથજીના ઘરની રીત તથા જુનાગઢ ઘરની પરમ્પરા અનુસાર સેવાનો ક્રમ યોજીત કર્યો હતો. હાલ પણ આપશ્રીની આજ્ઞાથી લખાયેલ સેવાભાવના અનુસાર સેવાપ્રકાર ચાલે છે. શ્રીરઘુનાથલાલજી મહારાજશ્રીની સેવ્યસ્વરૂપો પ્રત્યેની આસક્તિ તો અનિર્વચનીય હતી. એવા સદ્ગુણોના ભંડાર-આચાર્યચરણના ચરણકમલમાં અનેકશઃ દંડવત્ પ્રણામ.

(ઉજ્જવલ આચાર્ય પરમ્પરામાંથી)

આસો સુદ ૧૫ - શરદપૂર્ણિમા - રાસોત્સવ તા. ૫/૧૦/૨૦૧૭

આપણા પુષ્ટિમાર્ગીય મુખ્ય ઉત્સવોમાં રાસોત્સવ-રાસલીલાનું પ્રાધાન્ય છે. રાસલીલા એ ફલરૂપ લીલા છે. શ્રીમદ્ભાગવતના આધારે જોઇએ તો પ્રભુએ શ્રીમદ્ગોકુલમાં પ્રકટ થઇ અને વ્રજભક્તોની ચિતવૃત્તિનો નિરોધ કરવા અનેક લીલાઓ કરી. પૂર્ણ નિરોધ થયેલા વ્રજભક્તોને ફલદાન કરવા માટે શરદની રાત્રીમાં પ્રભુએ રાસલીલા દ્વારા ભજનાનંદ રૂપી સર્વોત્તમ ફલનું દાન કર્યું. 'રસો વૈ સઃ' પ્રભુની ભક્તને ભક્તિના સર્વોત્તમ ફલરૂપ રસદાન કરવાની લીલા એ જ રાસલીલા છે. પોતાના પુષ્ટિદૈવી જીવોને આ જ સર્વોત્તમ ફલની પ્રાપ્તિ કરાવવાનું શ્રીમહાપ્રભુજીનું તાત્પર્ય છે. તેથી આપશ્રીનું સર્વોત્તમજીમાં શ્રીગુસાંઇજી નામ પ્રકટ કરી રહ્યા છે. 'રાસલીલૈકતાત્પર્ય'. પ્રભુએ વ્રજભક્તોની સાથે રાસરમણ કરતી વખતે જેટલા વ્રજભકતો તેટલા સ્વરૂપ ધારણ કર્યા. દરેકને સ્વરૂપાનંદનું દાન કર્યુ. આજે દૈવી પુષ્ટિજીવોને માથે બિરાજતા સ્વરૂપોને શ્રીમહાપ્રભુજીએ એ જ ભાવથી ભક્તોદ્ધારક સ્વરૂપે પધરાવી આપ્યા છે. આપણે પણ એ જ ભાવથી સ્વ-સેવ્યને આ ઉત્સવમાં લાડ લડાવીએ.

આસો વદ ૧૩ - ધનતેરસ તા. ૧૭/૧૦/૨૦૧૭

આ દિવસે ધનની પૂજા કરાવામાં આવે છે. ધનતેરસ = ધન્ય તે રસ. પુષ્ટિજીવોનું ધન - સર્વસ્વ આપણે માથે શ્રીમહાપ્રભુજીની કાનિથી બિરાજતા આપણા સેવ્ય શ્રીપ્રભુ છે. શ્રુતિમાં પ્રભુનું સ્વરૂપ 'રસૌ વૈ સઃ' બતાવ્યું છે. તે રસસ્વરૂપ પ્રભુની જેને પ્રાપ્તિ થઇ તે જ ધન્ય થયો છે. માટે જેને ધન્ય થવું છે, બડભાગી થવું છે તેણે

ભગવત્સેવા કરી સ્વસેવ્યને પોતાના સર્વસ્વ ધનરૂપ માનવા જોઇએ. ધનતેરસના દિવસે શૃંગારના પદમાં વર્ણન આવે છે. 'આજ માઇ ધન ધોવત નંદરાની' તેમાં શ્રીયશોદાજી શ્રીઠાકરોજીને સ્નાન કરાવી શૃંગાર કરે છે તેનું વર્ણન છે. શ્રીયશોદાજીનું સર્વસ્વ ધન શ્રીઠાકોરજી છે તેથી કુંભનદાસજી કહે છે ધન ધોવત નંદરાની. એક પદમાં શ્રીદ્વારકેશજી શ્રીસ્વામીનીજીનાં સર્વસ્વ ધન તરીકે શ્રીઠાકોરજીને બતાવતા આજ્ઞા કરે છે કે ''રાધા મન અતિ મોદ બઢયો હૈ મનમોહન ધન પાઇ'' આ દિવસે આપણે આપણા પ્રભુને આ જ ભાવથી લાડ લડાવીએ.

આસો વદ ૧૪ – રૂપ ચતુર્દશી તા. ૧૮/૧૦/૨૦૧૭

આ દિવસે નંદાલયમાં પ્રભુને વહેલા જગાડીને અભ્યંગ સ્નાન કરાવાય છે. દશેરાના દિવસે જવારા ધરાવતી વખતે બનાવેલી ગોબરની થેપલી ઉપર જલ ગરમ કરી, આંબળા, કેસર, ચંદન ફુલેલ વગેરેથી પ્રભુને અભ્યંગ સ્નાન કરાવાય છે. પ્રભુનું સૌંદર્ય (રૂપ) ઓર નીખરે એ ભાવથી શ્રીયશોદાજી નંદાલયમાં પ્રભુને સ્નાન કરાવીને ઉત્સવના દિવસો હોવાથી ખૂબ સુંદર, ભારે શૃંગાર કરે છે.

આસો વદ ૩૦ – અમાસ – દીપાવલી – કાનજગાઇ તા. ૧૯/૧૦/૨૦૧૭

દીપાવલી ત્યોહારના દિવસે પ્રભુ હીરા-રત્ન જડિત હટરીમાં બિરાજીને વ્યાપાર કરે છે. સૌથી પહેલા દીપદાન કરી, ગાયોની પૂજા કરે છે. કાન જગાઇ કરી ગાયોને સવારે ગોવર્ધનપૂજામાં વહેલા પધારવાનું આમંત્રણ આપે છે અને ત્યારબાદ આપ હટરીમાં બિરાજે છે. ચારે બાજુ દીપમાલીકા સજાવેલી છે. વ્રજભક્તો પ્રભુ પાસે ખરીદી કરવા પધારે છે. અષ્ટસખાઓએ આ લીલાનું વર્ણન કરતા ગાન કર્યુ છે કે 'હટરી બૈઠે શ્રીગોપાલ' આ પદમાં અનેક પ્રકારની સામગ્રી લઇને પ્રભુ હટરીમાં બિરાજી રહ્યા છે. તે શોભા નિરખીને વ્રજભક્તોના ચિત્ત પ્રભુમાં લાગી જાય છે અને પ્રેમની દોરીથી પ્રભુ સાથે બંધાય જાય છે તેનું સુંદર વર્ણન થયુ છે. આપણું ચિત્ત પણ આપણા પ્રભુ સાથે પ્રેમ દોરીથી બંધાય જાય તે ભાવથી દીપાવલીના દિવસે પ્રભુને લાડ લડાવીએ.

કારતક સુદ ૧ – ગોવર્ધનપૂજા – અન્નકૂટોત્સવ તા. ૨૦/૧૦/૨૦૧૭

ઇન્દ્રનાં મદનું ખંડન કરવા પ્રભુએ પોતાના ભક્તોમાં પરમ શ્રેષ્ઠ એવા શ્રીગિરિરાજજી, તેમનો આદર ઇન્દ્ર કરતા પણ વિશેષ કરાવવા ઇન્દ્રપૂજા બંધ કરાવી શ્રીગિરિરાજજીના પૂજનની શરૂઆત કરાવી. આ દિવસે સવારમાં (ગોબરના ભાવાત્મક) ગિરિરાજજીનું પૂજન કરવામાં આવે છે. ગાયોની પણ પૂજા થાય છે. ત્યારબાદ વ્રજભક્તોની અનેક પ્રકારની સામગ્રીના ભોગ ધરવામાં આવે છે. જેને અન્નકૂટ કહેવામાં આવે છે. વ્રજભક્તોના અન્ય સર્વ સાધનો અને આશ્રય છોડાવી પોતાનામાં જ અનન્યાશ્રયપૂર્વક નિરોધ સિદ્ધ કરવા પ્રભુએ આ લીલા કરી છે. આપણે પણ આપણા સેવ્ય પુષ્ટિ પુરૂષોત્તમમાં આપણો અનન્ય આશ્રય સિદ્ધ થાય તેવા ભાવથી આ ઉત્સવમાં આપણા પ્રભુને તત્સુખના ભાવ પૂર્વક રીઝવીએ.

કારતક સુદ ૨ – શ્રીદાદાજી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રીનો ઉત્સવ તા. ૨૧/૧૦/૨૦૧૭

પિતૃચરણ શ્રીરઘુનાથલાલજી મહારાજશ્રી એવમ્ માતૃચરણ શ્રીજાનકીજી ભાભીજી મહારાજશ્રીની

જેમજ શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રીને ગાય, વૈષ્ણવ અને ભગવદ્સેવામાં ખૂબજ પ્રીતિ હતી.

‘શ્રીદામોદરલાલ શ્રીમદનમોહનલાલ પ્રભુ અમારૂં સર્વસ્વ છે’’ આપશ્રીના આ વચનામૃત ઉપરથી આપણને ખ્યાલ આવી શકે છે કે આપશ્રીને સેવ્યસ્વરૂપોમાં કેટલી આસક્તિ હતી! ગાયો આપશ્રીને પ્રાણથી પણ અધિક પ્રિય હતી. પોતાના પ્રવચનના અને વાર્તાલાપના પ્રત્યેક અવસરે, આપશ્રી ગોપ્રેમ-ગોસેવા-ગોસંસ્કૃતિ-ગોરક્ષા-ગોસંવર્ધન ઉપર વિશેષ ભાર મુકતા અને આપશ્રી સ્વયં કર્તવ્યપરાયણ રહીને અન્યને પ્રેરણા આપતા. આપશ્રીને વૈષ્ણવો પ્રત્યે પણ ખૂબજ સ્નેહ અને આદર હતો. મોટી હવેલીમાં આવતા વૈષ્ણવો માટે સવાર-સાંજ બન્ને સમય પ્રસાદની વ્યવસ્થા આપશ્રી કાયમ માટે કરાવતા. એક વખત વ્રજયાત્રામાં કોઇ વૈષ્ણવનો આપશ્રીને ધક્કો લાગી જતા આપશ્રીએ વચનામૃત કર્યા કે ‘વૈષ્ણવથી જ બધુ કાર્ય સાધી શકાય છે. વૈષ્ણવનો ધક્કો પણ પરમ ફલરૂપ છે.’ આપશ્રીને ત્યાં કાર્ય કરતા સેવકવર્ગ પર પણ આપશ્રી ખૂબ કૃપા કરતા.

ભારત સ્વતંત્ર થયુ ત્યારે જુનાગઢને પાકિસ્તાનમાં ન જવા દેવામાં અને ભારતના અવિભાજ્ય અંગ તરીકે જોડવામાં આપશ્રીનો ખૂબજ અગત્યનો ફાળો છે. આપશ્રીએ ત્રણ-ત્રણ વખત નવાબના કડક ચોકી પહેરાની પરવાહ કર્યા વગર જુનાગઢ વિશેની માહિતી ‘આરઝી હકુમત’ ને પૂરી પાડીને જુનાગઢનો કબજો અપાવવામાં ખૂબજ પરિશ્રમ લીધેલો.

આપશ્રીની રાષ્ટ્રસેવા, ગોસેવાથી પ્રભાવિત વૈષ્ણવો તથા જનતાએ અને સરકારે પણ અનેક માનપત્રો દ્વારા સન્માન કરી પોતાને કૃતાર્થ બનાવ્યા.

શ્રીદાદાજીનું પ્રભાવશાળી વ્યક્તિત્વ, સેવાપરાયણ જીવન, આકર્ષકવાણી, નિર્ભીકતા, ગોપ્રેમ, ધર્મનિષ્ઠજનો ઉપર વાત્સલ્ય, તેમજ માનવમાત્ર તરફ દયાદૃષ્ટિ, વ્યવસ્થાશક્તિ તથા શિસ્ત આદિ ગુણો અવિસ્મરણીય છે. આપશ્રીના દૃઢ ભગવદાશ્રય, રાષ્ટ્રની અખંડિતતાની ભાવના, ગો-પ્રેમ વગેરે સદગુણોની પ્રેરણાલઇ આપશ્રીના જન્મદિવસને ઉજવીને આશીર્વાદ પ્રાપ્ત કરીએ.

આવા વિરલ વ્યક્તિત્વ સંયુત પૂજ્ય દાદાજી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રીના ચરણારવિંદમાં અનેકશઃ દંડવત્ પ્રણામ.

કારતક સુદ ૮ – ગોપાષ્ટમી તા. ૨૮/૧૦/૨૦૧૭

કારતક સુદ ૮ના દિવસે પુષ્ટિમાર્ગમાં ગોપાષ્ટમીનો ઉત્સવ ઉજવવામાં આવે છે. આજના દિવસથી પ્રભુએ ગાયો ચરાવવાની શરૂઆત કરેલી. આજના દિવસે પ્રભુને મુકટ કાછની તેમજ ગોકર્ણના સુંદર શૃંગાર કરવામાં આવે છે. આપણા પ્રભુને ગાયો અત્યન્ત પ્રિય છે. પ્રભુને શું ગમે? એવો પ્રશ્ન થાય તો જવાબ છે **‘‘આગે ગાય, પાછે ગાય, ઇતમે ગાય, ઉતમે ગાય ગોવિંદકો ગાયનમેં બસવોહી ભાવે’’** આપણા પ્રભુને સર્વ તરફથી ગાયોમાં વિંટળાઇને બિરાજવું ગમે છે. પ્રભુ ગોચારણ કરવા પધારે ત્યારે પોતાને ગાયોના દાસ ગણી ચરણમાં પાદુકા પણ ધરતા નથી, પોતાના પીતાંબર થી ગાયોના અંગ લૂછે છે, ગાયનું જ દૂધ, દહી, માખણ આરોગે છે આ બધા દ્વારા પ્રભુએ ગો-માહાત્મ્ય બતાવી ગોસેવાની સર્વોત્તમતા સિદ્ધ કરી બતાવી છે.

‘ગો’ શબ્દનો એક અર્થ ઇન્દ્રિયો પણ થાય છે. ગોપાષ્ટમીના ઉત્સવના દિવસે આપણી સર્વ ઇન્દ્રિયોના સ્વામી ‘ગોવિંદ’ તરીકે બિરાજવા પ્રભુને વિનંતી કરીએ. પ્રભુને ગાયો પ્રિય છે તેનું એક બીજું કારણ કે ગાયો નિઃસાધન ભક્ત છે. આપણે આવા નિઃસાધન ભાવથી પ્રભુની શરણાગતિ સ્વીકારીને પ્રભુના લાડીલા બનીએ. ગોસેવા દ્વારા જીવનને સાત્ત્વિક બનાવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા ‘સાત્ત્વિકા ભગવદ્ભક્તાઃ’ અનુસાર ભગવદ્ભક્તિની પ્રાપ્તિ માટે યોગ્યતા મેળવીએ એ ભાવથી ગોપાષ્ટમીનો ઉત્સવ ઉજવીએ.

કારતક સુદ ૧૧ – પ્રબોધિની એકાદશી – વિવાહખેલ તા. ૩૧/૧૦/૨૦૧૭

આ ઉત્સવ નિત્યલીલામાં શ્રીઠાકોરજીના શ્રીસ્વામીનીજી સાથે વિવાહ ઉત્સવના ભાવથી આપણા માર્ગમાં ઉજવાય છે. આજના દિવસે શેરડીનો મંડપ, દીપકો, અંગિઠી, કાચાં ફળ સાથે ચાર ખેલ અને ચાર ભોગ વગેરે જે કંઇ સેવા થાય છે તે ચાર યુથાધિપતિઓના ભાવથી થાય છે. આ દિવસે રાત્રે જાગરણ પણ થાય છે. આજના દિવસે સતીવૃંદા અને જાલંધરની કથાના અનુસંધાનમાં તુલસી વિવાહની ભાવના પણ છે. પ્રભુ આ વિશ્વનાં રક્ષણહાર છે. અને તુલસીજી તેમનાં પ્રિયતમા છે. તેથી જ સૌ કોઇ તુલસીજીને શ્રદ્ધા અને સ્નેહથી વંદન અને પૂજન કરે છે. તુલસીજી જ્યાં પણ હશે ત્યાં સાત્ત્વિક ભાવનાઓ ફેલાય છે. તેથી જ પુરાણોમાં બતાવ્યું છે કે

> ‘‘ત્રિકાલં વિનતા પુત્ર પ્રાશર્ય તુલસી યદિ । વિશિષ્યતે કાર્ય શુદ્ધિશ્ચાન્દ્રાયણ શતં વિના ।।’’

અર્થાત્ : ‘‘જો સવાર સાંજ અને બપોરે તુલસીનું સેવન કરવામાં આવે તો તેનાથી મનુષ્યની કાયા એટલી બધી શુદ્ધ થઇ જાય છે કે તેટલી અનેક વખત ચાંદ્રાયણ વ્રત કરવાથી પણ થતી નથી.’’ તુલસીની ગંધ પવન સાથે જ્યાં સુધી દૂર દૂર જાય છે ત્યાં સુધીનું વાતાવરણ અને રહેતા પ્રાણીઓને પવિત્ર અને નિર્વિકાર બનાવે છે. આપણા ઘર આંગણામાં શ્રદ્ધાપૂર્વક તુલસીજીનો ઉછેર કરીને સાત્ત્વિકતાની પ્રાપ્તિનાં ભાવ સાથે આ ઉત્સવને ઉજવીએ.

અષાઢ સુદ એકાદશીએ શંખાસુરને મારી પ્રભુ ક્ષીરસાગરમાં પોઢયા હતા તે ચાર માસ પછી કાર્તિક માસની શુક્લપક્ષ એકાદશીએ જાગે છે તેથી આ એકાદશી ‘દેવઉઠી’ એકાદશી પણ કહેવાય છે. જે પ્રમાણે મુહુર્ત હોય તે પ્રમાણે સવારે શૃંગાર અથવા સાંજે ભોગ સંધ્યામાં પ્રભુને જગાવવાના ભાવથી શાલીગ્રામજીને પંચામૃત સ્નાન કરાવવામાં આવે છે.

ટેક્નોલોજી કોર્નર

મોડર્ન ટેક્નોલોજી અને સોશિયલ મીડિયાનો પણ ઉપયોગ આપણે શ્રીવલ્લભના સિદ્ધાન્તોના પ્રવર્તન માટે કરીએ. શ્રીવલ્લભના વાસ્તવિક સિદ્ધાન્તોને પ્રત્યેક વૈષ્ણવના હૃદયમાં ગુંજતા કરીએ. નીચેના માધ્યમોથી આપ શ્રીવલ્લભના ગ્રન્થ પરના વચનામૃત, ગ્રન્થપાઠ, કીર્તન વગેરે મેળવી શકશો અને પુષ્ટિસંસ્કારની વિવિધ પવૃત્તિઓમાં પણ જોડાઇ શકશો.

Website
www.pushtisanskar.org

Email
info@pushtisanskar.org

Facebook
facebook.com/PushtiSanskar

Youtube Channel
www.youtube.com/user/Pushtisanskar

Whatsapp
Mo. 8140016988

વધાઈ **વધાઈ** **વધાઈ**

પુષ્ટિસંસ્કારધામ
સાઈટ ઓફિસ શુભારંભ

શુભસ્થળ

પુષ્ટિસંસ્કારધામ નિર્માણ સ્થાન, વડાલ-કાથરોટા રોડ, વડાલ (જુનાગઢ).

તારીખ

૨૯/૧૦/૨૦૧૭ – રવિવાર

સમય

સવારે ૯:૦૦ કલાકે

કાર્યક્રમની રૂપરેખા

- આચાર્યશ્રી દ્વારા પુષ્ટિસંસ્કારધામ સાઈટ ઓફિસનો શુભારંભ
- ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી એવમ્ ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીના વચનામૃત
- પુષ્ટિસંસ્કારધામ ભૂમિપૂજન વિશે માહિતિ

આપ સર્વને ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ

પુષ્ટિસંસ્કાર સમાચાર

આપશ્રીની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ તથા પુષ્ટિસંસ્કારધામ સભા - મુંબઇ

તા.૧૦/૯/૨૦૧૭ના દિને મુંબઇ-બોરીવલીમાં પુષ્ટિસંસ્કારધામના પ્રચારાર્થે ‘પુષ્ટિસંસ્કાર ઉત્સવ’નું આયોજન થયુ. વૈષ્ણવો તથા પાઠશાલાના બાળકો દ્વારા હર્ષોલ્લાસપૂર્વક ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આપશ્રી અને વૈષ્ણવ આગેવાનોએ દીપ પ્રાકટ્ય કર્યા બાદ સ્વાગત પ્રવચન થયુ. ત્યારબાદ શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલા મુંબઇ(બોરીવલી) શાખાના બાળકોએ વિવિધ કૃતિઓ પ્રસ્તુત કરી હતી. પુષ્ટિસંસ્કારધામની ડોક્યુમેન્ટ્રીના પ્રદર્શન બાદ વિશેષ માહિતી પણ આપવામાં આવી. ત્યારબાદ આપશ્રીના વચનામૃતમાં સંસ્કાર અને શિક્ષણને જીવનમાં વણી લેવાનું ઉત્તમ માર્ગદર્શન આપી, વિકાસ અને પ્રકૃતિના સમન્વયની આવશ્યકતા દર્શાવી હતી. ઉપસ્થિત શ્રોતાજનોને જ્ઞાન અને ભક્તિરસના આ અનુપમ લ્હાવા બાદ પુષ્ટિસંસ્કારધામ ભૂમિદાનના સહયોગીઓનું આપશ્રી દ્વારા સન્માન કરવામાં આવ્યું. સમગ્ર આયોજનમાં પાટીદાર સેવા સમાજના ટ્રસ્ટીઓ અને આગેવાનોએ નિષ્ઠાપૂર્વકના સહકારથી કાર્યક્રમ શોભાયમાન્ થયો હતો.

આપશ્રીની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ તથા પુષ્ટિસંસ્કારધામ સભા - સરગવાડા

તા. ૪/૯/૨૦૧૭ના રોજ સરગવાડા ગામમાં આપશ્રી સાંજે ૫:૦૦ કલાકે પધાર્યા ત્યારે સર્વે વૈષ્ણવજનોએ આપશ્રીના સામૈયા કર્યા. આપશ્રી દ્વારા શ્રીમહાપ્રભુજીને માલ્યાર્પણ તેમજ દીપ પ્રાકટ્ય બાદ શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલાના બાળકો દ્વારા સુંદર અભિનય ગીત રજૂ કરવામાં આવ્યા હતા. આપશ્રીના વચનામૃતમાંથી વૈષ્ણવોને આપણા માર્ગ અને પ્રભુના સ્વરૂપ વિશે તેમજ વૈષ્ણવી સ્વરૂપ અને કર્તવ્ય વિશેનું અમૃતપાન પ્રાપ્ત થયેલ. આપશ્રીએ ભૂમિદાનદાતાશ્રીઓને આશીર્વાદ પાઠવી શ્રીપુષ્ટિસંસ્કારધામ વિશે તથા આપણું વૈષ્ણવી કર્તવ્ય વિશે ઉદ્‌બોધન કર્યું હતું. આપશ્રીની ઉપસ્થિતિમાં શ્રીપુષ્ટિસંસ્કાર પરિવારનો પ્રારંભ થયો હતો.

આપશ્રીની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ તથા પુષ્ટિસંસ્કારધામ સભા - ખાંભલા

તા. ૧/૯/૨૦૧૭ ના રોજ ખાંભલા ગામમાં સાંજે ૪:૩૦ કલાકે આપશ્રી પધાર્યા ત્યારે ગામની કીર્તન મંડળી તેમજ સર્વે વૈષ્ણવજનોએ કીર્તન સંગે સંગીત સાથે વાજતે ગાજતે સામૈયા કર્યા હતા. ત્યારબાદ શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાલાની બહેનોએ સુંદર કૃતિઓ રજૂ કરી હતી અને પાઠશાલાના બાળકો (ભાઇઓ)એ જુદા-જુદા રાગ અને તાલમાં કીર્તનોનું ગાન કર્યુ હતુ. જેમાં પાઠશાલાના સંચાલક જેન્તીભાઇ પ્રભુ કૃપાથી મળેલ સંગીત બાળકોને ઘરે બોલાવી પીરસી રહ્યા છે. આપશ્રીએ બાળકોને શુભકામના પાઠવી હતી. આપશ્રીએ વૈષ્ણવી કર્તવ્ય વિશે વચનામૃત કર્યા હતા.

આપશ્રીની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ તથા પુષ્ટિસંસ્કારધામ સભા - વડાલ

તા. ૨૮/૮/૨૦૧૭ના રોજ વડાલ ગામમાં આપશ્રી રાત્રે ૮:૩૦ કલાકે પધાર્યા ત્યારે સર્વે વૈષ્ણવજનોએ સામૈયા કર્યા હતા. ત્યારબાદ આપશ્રી દ્વારા દીપ પ્રાકટ્ય તથા શ્રીમહાપ્રભુજીના ચિત્રજીને માલ્યાર્પણ કર્યુ. વડાલ પાઠશાલાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરવામાં આવી હતી. ત્યારબાદ પુષ્ટિસંસ્કારધામની ડોકયુમેન્ટ્રી બતાવવામાં આવી હતી. આપશ્રીના પ્રેરક વચનામૃતથી પણ વૈષ્ણવો ભાવવિભોર થયા હતા. ભૂમિદાન દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતુ.

શ્રીવામન દ્વાદશી ઉત્સવ, સત્સંગસભા - મોટી હવેલી, જુનાગઢ

અમરેલી પાઠશાળા તથા નરેડી શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાળા શાખાના બાળકો તથા વૈષ્ણવ દ્વારા મોટી હવેલી, જુનાગઢનો પ્રવાસ અને કાર્યક્રમ

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાળા - રાજકોટ શાખા-૧૩ દ્વારા પ્રવાસ

શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાળા - રાજકોટ શાખા ૧૩ દ્વારા પ્રવાસનુ આયોજન કરવામાં આવેલ. જેમાં બાળકોએ શ્રીરૂપાવટી બેઠકજીમાં દર્શન કર્યા તેમજ આસપાસના અન્ય રમણીય સ્થાનો પર ગયા.

બધા બાળકોએ ખૂબજ આનંદ અનુભવ્યો હતો.

ખજુરી હડમતીયા ગામમાં નવી શ્રીપુષ્ટિસંસ્કાર પાઠશાળાનો ઉત્સાહપૂર્વક પ્રારંભ થયો બાળકોમાં તથા વૈષ્ણવોમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળેલ.

* વ્રતોત્સવ ટિપ્પણી *

શ્રીકૃષ્ણાબ્દ ૫૨૪૩ શ્રીવલ્લભાબ્દ ૫૪૦
વિક્રમ સંવત્ ૨૦૭૩-૭૪ ઓક્ટોબર ૨૦૧૭ - નવેમ્બર ૨૦૧૭

તારીખ	તિથિ	વાર	વિશેષ દિવસની નોંધ
ઓક્ટોબર ૦૧	આસો સુદ / ૧૧	રવિવાર	એકાદશીવ્રત
૦૩	૧૩	મંગળવાર	શ્રીરઘુનાથલાલજીનો ઉત્સવ
૦૫	૧૫	ગુરૂવાર	શરદપૂર્ણિમા-રાસોત્સવ
૧૦	આસો વદ /૦૫	મંગળવાર	શ્રીવ્રજવલ્લભલાલજીનો ઉત્સવ
૧૪	૧૦	શનિવાર	શ્રીબડેગોકુલેશજીનો ઉત્સવ
૧૫	૧૧	રવિવાર	એકાદશીવ્રત
૧૭	૧૩	મંગળવાર	ધનતેરસ
૧૮	૧૪	બુધવાર	રૂપ ચતુર્દશી
૧૯	૩૦	ગુરૂવાર	દીપોત્સવ, હટડી, કાનજગાઇ
૨૦	કારતક સુદ / ૦૧	શુક્રવાર	અન્નકૂટોત્સવ, ગોવર્ધનપૂજા, ગુજરાતી ૨૦૭૪ નવવર્ષારંભ
૨૧	૦૨	શનિવાર	યમદ્વિતીયા, દાદાજી ગોસ્વામી શ્રીપુરૂષોત્તમલાલજીનો ઉત્સવ
૨૮	૦૮	શનિવાર	ગોપાષ્ટમી
૨૯	૦૯	રવિવાર	અક્ષય નવમી
૩૧	૧૧	મંગળવાર	પ્રબોધિની એકાદશી, વ્રત દેવોત્થાપન સવારે ૭:૩૮ પહેલા
નવેમ્બર / ૦૧	કારતક સુદ / ૧૨	બુધવાર	શ્રીગુસાંઇજીના પ્રથમલાલ શ્રીગિરિધરજી તથા
			પંચમલાલ શ્રીરઘુનાથજીનો ઉત્સવ
૦૫	કારતક વદ /૦૧	રવિવાર	ગોપમાસ પ્રારંભ
			શ્રીપ્રમેયબાવાશ્રીનો જન્મદિવસ (બીજનો ક્ષય હોવાથી આજે)
૦૭	૦૪	મંગળવાર	શ્રીપીયૂષબાવાશ્રીનો જન્મદિવસ
૧૧	૦૮	શનિવાર	શ્રીગુસાંઇજીના દ્વિતીય લાલ શ્રીગોવિન્દરાયજીનો ઉત્સવ
૧૪	૧૧	મંગળવાર	એકાદશી વ્રત
૧૬	૧૩	ગુરૂવાર	શ્રીગુસાંઇજીના સાતમાં લાલ શ્રીઘનશ્યામજીનો ઉત્સવ
૨૬	માગસર સુદ / ૦૭	રવિવાર	શ્રીગુસાંઇજીના ચતુર્થલાલજી શ્રીગોકુલનાથજીનો ઉત્સવ
૨૮	૦૯	મંગળવાર	શ્રીગુસાંઇજીના ઉત્સવની વધાઇ
૩૦	૧૧	ગુરૂવાર	એકાદશીવ્રત, ગીતાજયંતિ
			શ્રીવ્રજવલ્લભલાલજી (તાતજી)નો ઉત્સવ

Registered Newspaper
PUSHTI SANSKAR (Monthly) - October - 2017
JUNAGADH - 362001

R.N.I. No. Guj Guj/34004/2010
Postal Reg No.G-JND 304/16-18 (Valid up to 31-12-2018)
Total Page:36

ગોપાષ્ટમીનું પદ

મૈયારી મૈ ગાય ચરાવન જૈહોં ।
તું કહિ મહરિ નંદબાબાસોં બડો ભયો ન ડરે હોં ।।૧।।
શ્રીદામા દે આદિ સખા સબ ઔર હલધર સંગ લેહોં ।
દહ્યો ભાત કાંવરી ભરી લેહોં ભૂખ લગે તબ ખેહોં ।।૨।।
બંસીબટકી શીતલ છૈયાં ખેલતમેં સુખ પેહોં ।
પરમાનંદદાસ સંગ ખેલોં જાય યમુનામેં નેહોં ।।૩।।

IF NOT DELIVERED PLEASE RETURN TO
SHREE PUSHTI FOUNDATION
MOTI HAVELI, PANCH HATADI CHOWK, JUNAGADH - 362001 (GUJARAT) INDIA
Owner : SHREE PUSHTI FOUNDATION
Printer, Publisher: Jayendrakumar Bhimjibhai Tanna
Editor : Kamalkumar Gordhandas Sejpal,
Printed at METRO OFFSET Near Sub. Marketing Yard, Dolatpara, Junagadh - 362037
Published at Pushti Foundation, Moti Havali, Near Panch Hatdi Chowk, Junagadh - Gujarat